તે થોડેક દૂર ગયો નહીં હશે તેટલામાં મેદાનમાંથી એક ઝાડ આગળથી નીચલો અવાજ આવ્યોઃ

" ચાલ ચાલ ! એ બધા ઢોંગ છોડી દે ! તુને નવાઝ કંઇ મલે નહીં એ ઢોંગ શું માંડયાછ ? "'

આ બોલો સાંભળી તે ચોંકયો અને વિચાર કરવા લાગ્યો કે એ કંઇ ઠીક નહીં. અવાજ જંગલમાંથી આવતો હોય એવું સમજાતું હતું.

એ વિચાર કરતો આગળ જતો હતો, તેવામાં સામેથી સોરાબ આવ્યો. રાત તદન અંધારી હતી અને ત્યાં રસ્તાપર દીવા નહીં હોવાને લીધે રસ્તો ઘણોજ બિહામણો અને ધાસ્તી ભરેલો લાગતો હતો !

" કેમ સોરાબ ! કાંહાં જાયચ ? " ફીરોઝે સવાલ નાખ્યો.

" સાહેબ, ઘરે. પણ મને ધાસ્તી લાગેછ કે રખે મારા બાવા મારીપર ચીરડાયલાજ હોય ! " સોરાબે ધાસ્તી બતાવી.

" નહીં સોરાબ ! કંઇ ફિકર ના કર, હું બધું ઠીક કરીને આયોછ તારો ગુનોહ તેવણે ખચિતજ માફ કીધો છે ! " ફીરોઝે કહ્યું.

" હું તમારો મારા તરફની અઠાગ મેહેનતને દીલસોજી વાસ્તે ઉપકાર માનુંછ મારા મેહેરબાન ! પણ સાહેબ ! કંઇ મારે તમુને ચેતાવવું જોઇએ કે પેલા લોકોને તમોએ છોડી મૂકયાછ ખરા પણ તે બેશરમો તો પાછા નિચ ધંધામાં પડવાને બાહાર પડેલા છે. એ લોકોએતો તમુને ખાલી વચન આપ્યું અને આજે તેઓ મનેબી સાથે જોડાવવાને કાલાવાલા કરતા હતા પણ સાહેબ ! હવે એ લોકની દોસ્તીથી પુરતો ધરાયો અને વાકેફગાર થયો, હવે મને તે લોકોની દોસ્તીમાં પડવાને જરાકબી કારણ નથી ! " સોરાબે તેના કાન ખોલ્યા.

" સાબાસ ! હું ઘણોજ ખુશી છેઉં કે સોરાબ, તું હવે સુધર્યોચ ! પણ જા અંધારૂં થશે તો બાવા બૂમ પારશે ! " ફીરોઝે તેને મોકલ્યો અને પોતે વિલરનાં ઘર તરફ જઇને તેનાં બારણામાંથી ત્યાંનો રાહઘાટ જોઇ પછી પોતાને ઘેર ત્રેનમાં જઈ પુગો.

પ્રકરણ ૬ ઠું.

—:o:—

" ખેતીવાડીવાળાં રતનબાઈ "

ખેતવાડીવાળાં રતનબાઇ ત્યાંનાજ લોકોને જાણીતાં પુરાનાં રહેવાસી હતાં. તેવણ કાંઇ ઘણાં બુઢાં નહીં હતાં, પણ આશરે સીત્તેર વરશની ઉમર હતી. તેવણનો મોટો ગંજાવર બંગલો હતો, પણ કંઇ પણ દરકાર વગર પડત પડેલો જેવો લાગતો હતો. બધી ચાલવાની જગો પણ જંગળી ઘાસોએ ભરી લીધી હતી અને ઉંચા ઝાડોનાં કુંડાંઓ પાણી અને જતન વગર તદન મરી ગયલાં હતાં, દરેક જગોપર બેદરકારીનાં પરિણામથી ઉજ્જડ જેવું પડેલું હતું. બંગલાનો વિસતાર ઘણોજ મોટો અને બે બાજુથી જવાના દરવાજા હતા; એક બાજુથી ખેતવાડીજવાય અને બીજી બાજુથી ગ્રાંટરોડ.

રતનબાઇએ તો જે ઓરડામાં પોતાની સુવાની બેઠક કીધેલી ત્યાંથી ઉઠવાના સોગંદ લીધેલા દીસતા હતા, કેમકે તેવણ તે ઓરડાનો ઉંબર વટીક કોઇજ દિવસ ઓળંગતાં હતાં ! તેવણે એક ચાકરડી અને બે ચાકરો રાખ્યા હતા, જેઓ તેવણની પુરતી માવજત કરી તેઓ ખવાડતા અને પેલી ચાકરડી તેવણની આગલની આગલજ બેસી રહેતી. પણ હવે તે બાગ બંગલો અને તેમાંનો દરેક સરસામાન એવી રીતે વધુ વાર ઉજ્જડ પડી રહ્યો નહીં !

રતનબાઇની ભાણેજ શીરીન નામે એક જુવાન અબળા હતી ! હવે તેણી એવણનાં ઘરમાં કેમ આવવા લાગી તેનું વર્ણન મારા કદરદાન વાંચનાર આગળ ધરૂંછું:—

શીરીન, આશરે દશ એક વરશની હતી ત્યારે તેણીનો બાપ ફરદુનજી બેલા બોગાના તેણીને કોટમાંના એક પ્રખ્યાત મોહોલામાં રેહનાર મેહેરબાઇ લવગ્યાં નામની એક પારસી બાનુ, જેણી નાનાં છોકરાંઓ તથા છોકરીઓને શિખવવાની નિશાલ માંડી બેઠી હતી. તેવણુના ઘરમાં પોતાની દીકરી શીરીનને નાવારેસ, મેહેરબાઇના ચાર્જમાં આપી તેણીને સોંપી અને તેણીની સાથે પગારનું નક્કી કરી દીલ્હી તરફ નિકલી ગયો, અને તેણી બિચારી મેહેરબાઇને ઘર શિખવા રહી. પાંચ એક વરશનો બરાબર પગાર તેણીનો બાપ દીલ્હીથી મેહેરબાઇપર મોકલવા લાગ્યો પણ પછીથી પૈસાના પણ અખાડા થયા; મેહેબાઇએ તેણીને નજદીક એક વરશ લગીન શિખવી, પછી એક દહાડો બધાં છોકરાં પોતાને ઘર ગયાં પછી શીરીનને તેડીને પુછયું.

" જો શીરીન, આજે મારા ભાઇપર કાગજ આયો તેમાં તેનો એક દોસ્ત લખેછ કે તારા બાવા ફરદુનજી ગુજરી ગયા ! વાસ્તે હવે હુ તને મફત તે કયાંસુધી શિખવ્યા કરૂં ? તોબી તું થોરૂં ઘણું શિખીછ તે તારે વાસ્તે પુરતું છે " મેહેરબાઇએ કહ્યું.

મેહેરબાઇ દર મહિને થોડા ઘણા પૈસા ઉંચા કરતાં હતાં, પણ હવે જો શીરીનબી તેમાં ભાગ લેતો તેવણુથી ઉંચા નહીં કરી શકાય વાસતે તેવણે પોતાની મરજી તેણી આગળ ખુલ્લી કરી દીધી.

આ ખુલાસો સાંભળી શીરીને તે વખતે પોતાના મનમાં વિચાર કીધો કે ' ' જો હુ અહીંથી બાહાર જવા માગું તો જાઉંબી કાંહાં ? મારાં તો સગાં વ્હાલાંબી અહીં તો કોઇ નથી, અને જો હું નહીં જતીતો એવણુ પોતાના મનમાં મારે વિશે ઘણોજ ખરાબ વિચાર લાવે.'

" ત્યારે જો તમારી મરજી હોયતો હુ થોરાંક છોકરાંઓને અહીં શીખવું અને તેટલાં મને કેઠે મલી ગીયું ત્યાં હું જવશ ! " શીરીને નાચારીએ તે વિચાર પસંદ કીધો.

" હા એબી બરાબર છે શીરીન, વાસ્તે તું રેહે! " મેહેરબાઇએ મોટું દીલ કરી રહેવા દીધી.

હવે શીરીનને ખોળ કરતાં બેએક મહિને ખબર પડીકે ખેતવાડીવાળાં રતનબાઇ તેણીનાં અતલગનાં સગાં થાય અને તેથી તેવણ આગલ પોતેજ જવાનું ઠીક ધારી એક સાંજે નિકલી. ત્યાં જઇને જોયતો દરવાજા બધા કાત ખાધેલા પડેલા ને અને ચાલવાની જગોપર બધું ઘાસ ઉગેલું અને દરેક ચીજ બેદરકારીથી પડેલી હતી, તોપણ તેણી અંદર ગઇ અને નીચે ખડકીમાં કોઈ નહીં હોવાને લીધે તેણી તરતજ ઉપર ગઇ તો દાદરપરથી નીચે આવતાં એક બુઢાં ડોસાં મળ્યાં,

" કેમ માએ કોણને પુછોછ?" તે ડોસાંએ લગાર અચરતીથી પુછ્યું, કેમકે રતનબાઇને કોઇપણ મળવા આવતું નહતું.

" માએ! હું રતનબાઇને મળવા માગુંછ! એવણ ઘરમાંજ છેની?" શીરીને પુછ્યું.

"હાજી! આવોની હું તમુને એવણનો ઓરડો બતાઉં." ડોસાંએ શીરીન પર મેહેરબાની કીધી.

તે ડોસાં શીરીનને રતનબાઇ આગળ લઇ ગયાં, પછી રતનબાઇ સાથે વાતચીત કરી અને પોવાની દરેક કાહાણી તેવણ આગલ દર્શાવી તેવણની માયા તથા હેત જીતી લેઇ પોતાનો જુજ સામાન મેહેરબાઇને ઘરથી લઇ આવવા રજા લઇ તેવણ આગલથી જુદી પડી.

" માય, કાલ પરમ વેહેલી આવજે હં!" રતનબાઇએ તેણીને કહ્યું.

" હાજી! હું સામાન લઇ તેવણને મલીને આઉંચજી!" શીરીને તેવણને કોટી કીધી અને રજા લઈ પોતાને ઘર જવા નિકળી. તેણીની ખૂબસુરતી ખરેખર વખાણવા લાયક અને સુંદર હતી. તેણીની ખુબસુરતી, અને નવાઝની ખુબસુરતીમાં ફરક કાંઇજ નહીં હતો. બસ ફરક એટલોજ કે તેણી લગાર ભપકાવાળાં કપડાં પહેરતી હોવાથી પોતાની ખુબસુરતીમાં ઉમેરો કરતી પણ તેથીજ ઉલટું આપણી ગરીબડી નવાઝના સારા ગુણો,

અક્કલ, અને ચબરાકી તેણીની ખરી ખુબસુરતીને જેબ આપતી હતી !

હવે તેણી કોટમાંના સઘળાંને મળી બેટી ખેતવાડીવાળાં રતબાઇને ઘર રહેવા આવી. તે આવીને ઘરનો કારભાર પણ સુધર્યો, અને દરેક ચીજ દિપવા લાગી. તેણીએ બે ત્રણ માલીઓ રાખીને બાગને પણ સુધારી નાખ્યો અને આખું ઘર મઘમઘતું કીધું !

તેણીને આ બંગલામાં આવ્યાને આશરે ત્રણેક વરશ થયાં હશે. તેણીને ત્યાં દરેક પાંતીનું સુખ હતું પણ તેણીને અહિં એક દુઃખ હતું અને તે એજ કે એ બંગલો છોડી કેઠે બીજે ઠેકાણે મલવા અથવા બાહાર જવું નહી, જે શીરીન જેવી એક ખુબસુરત તેમજ જુવાન અબલાને મનસે દુઃખતો ખરૂંજ, અને તે વાંચનારી બાનુઓ તો ના કેહેશેજ નહીં !

તેણીને દર મહિને પુષ્કળ પૈસા પૉકેટ ખરચ તરીકે મળતા હતા, પણ એ બિચારી ખરચેબી કયાં ? તેથી પોતે બધા એક પેટીમાં એકઠા કરતી હતી !

હવે આપણે ઉપર જોયું તેમ તેણીને અહીં આવ્યા ને આશરે ત્રણ વરશ થયાં હશે અને હમણાં તેણી બેઠેલી હતી, જ્યારે રતનબાઇએ નીચલો સવાલ નાખ્યો !

" કેમ માએ શીરીન ! તારૂં માથું દુઃખતું નરમ પડયું કે ?"

" હાજી ! પણ મેં એક મોટો ગુનાહ કીધોછ. " શીરીને લગાર દલગીર ચેહેરે કહ્યું.

" દીકરી, વળી તેં શું ગુનોહ કીધો હોય ? કેમકે તું કેઠે બહાર તો જતીબી નથી ને ઘેરજાંની ઘરમાંજ છે તે તું શું ગુનાહ કરે ?" રતનબાઇએ લગાર અચરતીથી પુછયું.

" એમ ધારો માયજી કે હું એક પારકા શખસ સાથે વાત કરૂં તો ?"

શીરીને આ બોલતાં તેવણુના મોહ પરજ ટીક્યા કીધું. કારણુ કે તેણી જોવા માંગતી હતી કે બોલવાની તેવણુ પર અસર કેવી થાયછ !

"હું તો ધારૂંચ કે તું આજે કંઈ ચેરાં• કારેછ. ખચિત તું મારો હોકમ તો કદી તોડેજ નહીં." રતનબાઇએ ગુસ્સાની ઢપે કહ્યું.

" નહીં પણુ જો હું અચાનક એક મરદ સાથે વાત કરૂં તો ! જો માયે તમે મને રજા આપો તો હું તમારી આગલ એ બધો હેવાલ કહી સંભલાવું" શીરીને રજા માંગી.

" હા બેલાશક કેહે !" રતનબાઇએ રજા આપી અને પોતે સાંભલવાં બેઠાં !

"કાલે સાંજે આપરા બાગના પાછલી ગમના દરવાજા આગલ હું ફરતી હતી તેવામાં મારી નજર એક સરસ અંજીરનાં ઝાડપર પડી. હું પાછલા દરવાજાના કટેરા પર ચહરી.ને પેલાં અંજીર તોરવાં જાઉંચ તેવામાં મારો પગ લપસી ગીઓ ને હું સરખી ઉભેલી નહીં હોવાથી જમીન પર નિચે પડી ગઇ ! તરતજ એક ઘોડેસ્વાર પારસી તે તરફથી પસાર થતોતો તેણે પોતાના ઘોડા પરથી ઉતરીને મને ઉંચકી. મને ઘણું વાગેલું હતું તેથી હું મુગી મુગી તેની મદદથી ઉઠી ને શરમની મારી દરવાજા આગલથી જઇને ઉભી, ત્યારે પેલા પારસીએ પુછ્યું. 'બાઇ તમો સારી પેઠે હશોજ ? તમારી મરજી હોય તો હું તમુને અંદર મુકવા આઉં.' 'નહીંજી કંઇ નહીં, હું મારી મેરે જવસ, માફ કરજોજી' મેં કહ્યું; 'આએ બંગલો સું ખેતવારીવાલાં રતનબાઇનો કે ? તેવણુ તો મારા માએનેબી ઓલખેચ, વાસ્તે એવણુને પુછોની કે હું એવણુને મલવા આઉં ?' તે મરદે કહ્યું. 'તમેજ એવણુને લખીને પુછાવજોની' મેં ટુંકમાંજ પતાવ્યું. ને તે 'કંઇ નહીં' કહી ઘોડા પર બેસી મને સાહેબજી કરી હંકારી ગીઓ ને હું આપરે તાં આવી ! હવે માયે મેં એમાં કંઇબી ખોટું કીધુંચ ?" શીરીને પોતાનો હેવાલ ખલાસ કરતાં ઉપલો સવાલ પુછ્યો.

પ્રકરણ સાતમું.

—:૦:—

"સોરાબની કાઉનસીલ"

આલ સોરાબ, તારે લીધે અમે ખાવા વગર બેઠાંચ? "સોરાબ ઘરમાં જેવો દાખલ થયો તેવોજ તેની બેહેને તેને આવકાર દીધો! સોરાબે કપડાં કહાડી તેબલપર આવી પોતાના બાપની પાસે જગા લીધી, અને તેવણે પણ પોતાની ખુરસી ખસાડી જગા આપી; અને બધાં તેબલપર પડેલાં ખાણુંને પુરતો ઇનસાફ આપીને ઉઠયાં! એદલજી જલદી ઉઠી હાથ ધોઇને આજે ઠાકેલા હોવાથી જલદીથી બધાંની રજા માગી, પોતાના ઓરડામાં સુવા ગયા, અને હવે નવાઝ તેબલપરથી બધાં ખાલી વાસણો ઉચકી રાંધણીમાં મુકી આવી તેબલ સાફ કરીને મેહેરબાઇ, સોરાબ અને તેના હેતવંતી બેહેન નવાઝ તે તેબલની આસપાસ બેઠાં. મેહેરબાઇ સરનશીન તરીકે આગળ બેઠાં અને તેવણુની થોડે દુર સોરાબ ને નવાઝ બેઠાં!

"માયજી! હવે તમારું એ વાત ચોકસ માનજી કે હું કદીબી તે તે બચનથી ફરસબી નહીં, સમજ્યાં." તેણે મકમપણે કહ્યું.

"ત્યારે સોરાબ! હવે તારું ગામ જવાનું મન છે કે નહીં?" નવાઝે પુછયું. તેણીના તેમજ મેહેરબાઇનાં મોહ પર આતુરતા પ્રગટ થયલી દેખાતી હતી.

"ગામ જયા વગર છુટકોજ નથી, કેમકે ખરું પુછો તો હવે મને મુંબઇ શેહેર તદન અકારું ને અણગમતું લાગેછ." સોરાબે પોતાનો મુંબઇ શેહેર વિશે ધિક્કાર બતાવ્યો જે સાંભળી મેહેરબાઈ તેમજ નવાઝ ઘણું ખુશ થયાં.

" શાબાશ દિકરા ! તું જો કે તને ગામ જવાથી ફાયદો થાયેછ કે નહીં? લોકો ગામ જઇને તો નેહાલ થઇ આવેછ ને સાથે લાગું મોહ પર લોહીપાની કેવું લાવેછ? વાસ્તે દીકરા મારા ! શું કામ અહીં હાડમાર થાયછ? તું ગામ જા ને ત્યાં સુખી થજે! તુને સુખી સાંભરીને મારૂં દીલ કેવું સંતોષ પામશે ? તું જો દીલ લગારી કામ કરશે ને સચાઇએ ચાલશે તો તુબી એક શેઠયોજ થશે. " માએ દીકરાને આશિર્વાદ દીધા.

" અરે હારે માએ તેમ હું કાંહા ના કહુંછ! મને જો પીરોઝશાહ શેઠ વળી મેરબાની કરીને મોકલશે તો સારૂં !" સોરાબે પોતાની ઉલટ દેખાડી.

"કાંયે નહીં સોરાબ ? તેવણુનો તુને મોકલવા ઘણા ખુશી છે." નવાઝે પોતાની ખાતરી બતાવી.

" ને ખોદાને ખાતર દીકરા! પેલી નાનાવટીની સુનઇનો ખ્યાલ છોરી દેજે. તે મુઇએ તુને ઘણોજ હેરાન કીધોચ. જો દીકરા! તું અગાઉ કેવા ઉમંગથી ચાકરી કરતો હતો !" મેહેરબાઇએ શીખામણ દીધી.

" ખુદાને ખાતર માયજી તેને ગાળ ના દેવો! એ વાંક જે છે તે તેનો નહીં પણ મારો છે! પેલો કાઉ ભાંઇ તેણીની આગળ દરરોજ જઇને બધી પતરાજીઓ કરતો તો અને કોઇ વખત સારાં કપડાં પહેરી તેની આગળ ભપકો કરી જતો તેથી તેણી અંજાઇ જઇ તેની સાથે દોસ્તી બાંધીને મને ખરતો કીધો ! મને તેની ઉપર એટલી તો ખીર લાગેછ ને મને એટલો તો ગુસ્સો ચહરેછ કે જો મારી સામે આવે તો હું તેને જીવથી મારી નાખું ! " સોરાબ ગુસ્સે થઇ બોલ્યો.

" એ તું શું બોલે છે દીકરા ! તને કાંઇ વકુફ છે કે નહીં ? અરે જો એમ બેમ કરસેતો કંઈ ઓરનું દોર થસે. હવે તું એ વાત ભુલીજ જા ને તારા ધંધાપર ધ્યાન આપ !" મેહેરબાઇએ સમજાવ્યો.

" ને માયજી મેં એમ સાભળ્યુંછ કે એ મુવો કાઉભાઇ અહીં મુંબઇમાં બી આવે છે! " નવાઝે ખબર આપી.

"ચાલ દીકરા, તારે આપરે ઉપર્ઈ જઇએ, ખોદા તુને સારી બુદ્ધિ આપે, ચાલ માય નવાઝ?" મેહેરબાઇએ જતાં જતાં કહ્યું અને નવાઝ બી ગઇ અને સોરાબ હજુ ખુરસી પરજ બેસીને પોતાની હાલતપર વિચાર કરતો બેઠો, તેટલાં નિચે કાચની બારીનીપર કોઇના ઠકોરાં મારવાનો અવાજ સમજાયો. તે એમ સમજ્યો કે કોઇ જાનવર ઓરડીમાં આવવાની વેતરણ કરતું હશે, તેથી દરકાર કરયા વગર પાછો વિચાર કરતો બેઠો, પણ જ્યારે પાછો અવાજ આવ્યો ત્યારે તે આસ્તેથી બારણું ઉઘાડી બહાર ડોકું કહાડી જોવા લાગ્યો. રાત ઘણી અંધારી હતી અને આગલ ઉભેલું માણુસ બી દેખાઇ શકાતું હતું નહીં તો પણ તેણે આસ્તે રહી પુછ્યું.

"એ કોણ છે!" જ્યારે કોઈ આકાર જમીનપર બેઠેલો હતો તે તરતજ ઉઠતો જણાયો અને તેથી તેણે પુછ્યું, "એ કોણ પાલી કે?"

"હા સોરાબ, એતો હુંજ છેઉં. જરા બહાર આવ, આપરે વાત કરીએ. હંઈ કરસું તો તારે લાંના સમજશે!" પાલીએ પોતાના કઠોર અવાજે કહ્યું પણ સોરાબ એની તાલ તલાવતો સમજી ગયલો હોવાથી બોલ્યો,

"કંઈ નહી પાલી, તારે જે કંઇ કુહેલું હોય તે અહીંજ કહી દે કેમકે મારે લાંના તો બધાં ઉંઘાઇ ગયાંછ, તે સમજસેબી નહીં."

"બધાઓ હમણાં પેલી વિલરના ઘરમાં બેઠેલાં છે તે તુંબી તાંજ આવ. એ ઘણું શરમ ભરેલું છે કે તું અમારી સાથે ફરેલો હરેલો ને હમણાં નહીં આવતો." પાલી આસ્તેથી બોલ્યો. "બસ બા હવે તમારેથી તો હું ધરાયો, એક વખત તમે લોકે મને ઘણુંજ ખરાબ બગાર્યું, અને તેં છતાંબી હું આવતે પણ મેં પીરોશા શેઠને વચન આપી તમો લોકો સાથે નહીં ફરવા બંધાઇ ચુકો, વાસ્તે મને માફ કરો!"

"ચાલ ચાલ, હવે ચાલી મરની ! ચાકરી કરતાં કોણનું ભલું થયું છે કે તારૂં થસે?" એક બીજા લુચ્ચાએ બેસાસુર સાહદે પોકાર માર્યો.

"અરે પણ ભલા માણસ? ચાકરી કીધાથી કેવું સુખ મળે છે! રાતે આવીને વગર ધાસ્તીએ ઉંઘાઇએછ તો ખરા, અને નહીં કે તમારી કાની દર રાતનાં પોલીસની ને પકરાવાની ધાસ્તીએ ચોંકયે!" સોરાબે રસ્તો દેખાડયો.

"છત, હું તો નહીં ધારતો હતો કે તું એટલો બધો હીચકારો હશે.," પાલીએ રીમાર્ક પસાર કીધો.

"પણ તમારા જેવા જુઠાઓબી મેં નહી જોયલા, કે સવારેજ તમે લોકો વચન આપી કસમ ખાઇને છુલા, ને બંપોરે તો કાંઇ નવાં ચોકઠાં ગોઠવવાની વેતરણ કરો છો, અને તેને જો તમે લોકો બહાદુરી કહો તો એવી બહાદુરીથી તો બા મને દુર રહેવુંજ જોઇએ." સોરાબે સરસ ફટકો લગાવ્યો.

"ત્યારે તું એમ સમજે છે કે સોરાબ અમે તને જવા દઈશું કે ? જ્યારે તું અમારાં આંઠરાં મીઠાંમાં ફરે ત્યારે અમે બી તારીજ પછવારે ફરસું." પાળી જરી ઉશ્કેરાઇ બોલ્યો.

"અરે પણ ભલાં આદમી, હું તો ગામ જવાનો છેઉં" સોરાબે ઠંડે કલેજે કહ્યું. "ચાલ તું હું ના બોલ! આજે ઉસ્માને તુને પેલા તારા શેઠ સાથે અમારે વાસ્તે વાત કરતાં બરાબર સમજ્યો!" પાલીએ વધુ ગુસ્સે થઇ કહ્યું.

"હવે ચાલબા તું મને જવા દે, જયાં મારી મરજી નહીં ત્યાં હું કદી નથી આવવાનો." સોરાબે કહ્યું.

"અરે તુને કંઇ માલમ કે તારી પેલી સુઇનતો તુને છોરી પેલા કાઉભાઇને પરણીબી જવાની ને તું તો હાથ ઘસતો રહી જવાનો!" પાલી-એ મશ્કેરી કીધી; જેથી સોરાબ એટલો તો ગુસ્સે થઇ ગયો કે મુક્કીવાળી દાંતકચકચાવી પાલીના માથાંમાં ગુમાવવા જતો હતો, જેવામાં તેની માય-જીની શિખામણ યાદ આવી ગઇ ને પાછો હાથ ખેંચી લઇ, તરતજ બારણું ઢાંકી અડગરો દઇ, બતી બૂજવી પોતાના ઓરડામાં ઉંઘાવા ગયો!

પણ થોડોવાર વેર પોતાની એકવખત ચાહેલી સુનાના વિચારમાં ઉંઘ આવીજ નહીં તો પણ કલાએક પછી ઉંઘઇ ગયો.

પ્રકરણ આઠમું.

—:o:—

" કાગજ કોણનું ?"

ખેતીવાડીવાળાં રતનબાઇની શીરીન પોતાની હાલતપર વિચાર કરતી બેઠી હતી, તેની આગળ તેણીની માનિતી કુતરી " પૅટી " બેસીને રમતી હતી અને કોઇ કોઇવાર તો તેણીના ખોળામાં ચહડી બેસી તેણીના ખુબસુરત અને નાજુક હાથો પોતાના નાની સરખી જીભે ચાટતી હતી !

જરાવાર રહીને એક પોષ્ટના સિપાઇએ " બાઇ રતનબાઇ નશરવાનજી ખેતીવાડીવાળા "નું નામ પોકારયું કે ' પૅટી 'એ શીરીનના ખોળામાંથી ઉછાલો મારી પેલા સિપાઇ તરફ ભોંસવા માંડયું !

શીરીને તે કાગજ તેની પાસથી લઇ તેને જવા દીધો. ત્યાર પછી તેણી વિચાર કરવા બેઠી કે આ કાગજ કોણનું હશે ? કેમકે તેણી અહીં રેહેવા આવી ત્યાર પછી પેહલુંજ કાગજ આવ્યું.

હજારો વિચાર પોતાના નાનાં ભેજાંમાંથી આ નાનાં અને સાથે લાગી કાળી કોરવાલાં પરબીડાં વિષે કરવા લાગી, તોપણ તેણીએ તે કાગજ રતનબાઇના હાથોહાથ આપવાનો વિચાર કીધો, અને તે પ્રમાણે તરતજ તેણી ઉઠીને માળપર રતનબાઇના ઓરડામાં દાખલ થાયછ, તેવામાં નિચલા બોલો પરગરા સમજાયા:

" કાવસ ! કાવસ મને માફ કરજે ! " જેવું આ સમજ્યું કે તરતજ શીરીન બારણા પછવાડે ભરાઇ ગઇ, અને જાણે હમણાંજ ઓરડામાં આવતી હોય તેમ દાખલ થઇ ! રતનબાઈ તરતજ ચોંક્યાં પણ પુછી સમયસૂચકતા વાપરી બોલ્યાં :

" કેમ દીકરી શીરીન ! તું શું કામ આવી ? "

" નહીં માયજી હું તો અમઠી આવી " ઠાવકી શીરીને ઉચ્ચર્યું.

" પણુ વારૂં તેં મને કંઇ બોલવાં સમજી ?" રતનબાઇએ ગભરાતાં પુછ્યું અને તેનો જવાબ શીરીને ' નહીંજી ' કરી આપ્યો.

" ત્યારે જા, ને કુમલીને મારી આગલ મોકલ ! " રતનબાઇએ હુકમ કીધો અને તે બજા લાવવા શીરીન નિચે દોડી !

અહીં મારે વાંચનાર સાથે કુમલીની ઓળખ પાડવી જોઇએ. કુમલી ઉર્ફે 'કુમલી કોકટ,' રતનબાઇની માનિતી ચાકરડી હતી ! તેણી ઘણીજ જુની અને પળોતાયલી હતી. શીરીનના આવ્યા અગાઉ તેજ ઘરની શેઠાણી હતી, અને રતનબાઇના પગની પૂનઇ થી તેનાં બચ્ચાં છોકરાંબી ઘણી સારી હાલતમાં ફરતાં હતાં તે જાણી વાંચનાર જરાબી અચરત થશે નહીં, કેમકે આપણે આગળાં પ્રકરણમાં જોઇ ગયા તેમ રતનબાઇ મુદ્દલ ઘરબારની દરકાર કરતાં ન હતાં તેથી તેનો ગેરકાયદે લાભ લઇ કુમલી કોકટ ' ઘણી વગરનાં ઢોર સુનાં ' નો દાખલો બરાબર બેસાડી આપતી હતી !

કુમલીને ઘર લાકડાં, છાણાં, ઘી, બજાર ઇત્યાદી તો મફત ચાલી આવતું હતું ! પણ હવે જ્યારથી શીરીને ઘરનો ચાર્જ લીધો ત્યારથી એટલી મોટી લુત નહીં ચાલતી હતી. તોપણ કુમલી બંદીને પુછવું પડે કે ? તેણીના બોલોમાંજ જો આપણે બોલ્યે તો " શીરીન જેવી તો સાતને હું વેચી આઉં !" તેવી વળી આ આજકાલની શીરીનથી છેતરાય કે ? એ બાબદસર કુમલીને શીરીન સાથે વેર હતું. તેણી જરાકપણ શીરીનનું કહ્યું માનતી ન હતી, પણ આખો દહાડો પોતાનાં બાઇના ઓરડામાં બેસી કોકટની [illegible] વાહેલું કરી તેવણુનો વખત વેરતી હતી, જે રતનબાઇને ઘણુંજ ગમતું હતું. ત્યારે હવે આપણે ઉપર જોયું તેમ શીરીન કુમલીને બોલાવવા ગઇ અને તે પણ તરતજ બાઇનું નામ સાંભળતાંજ પવનની માફક ઉડતી ઉપર દોડી અને શીરીન રતનબાઇ જે બોલ્યાં હતાં તેનીપરજ વિચાર

કરતી પાછી બેઠી. અને પેલું કાગજ તો પોતાનાંજ ગજવામાં રાખી, આપતાં વિસરી ગઇ.

" કાવસ કોણ હોસે ? શું તે કોઇ એવણુનો સગો થતો હોસે ? અથવાતો તે એવણુનાજ દીકરાનો દીકરો તો નહીં હોય ! " ઇત્યાદી, ઇત્યાદી હજારો સવાલ પોતાના મનમાં કરતી અને હજારો સવાલ પોતાનાં મનને પુછતી પણ તેણી એકપણ પકકા ઠરાવપર આવી નહીં.

એ પ્રમાણે વિચાર કરતી નિચે દાદર આગળનાજ એક ઓરડામાં બેઠી હતી, જ્યારે કુમલી કોકટ બે કલાકે ઉપરથી ઉતરી.

" ફરીથી શીરીનબાઇ તમે બાઇના ઓરડામાં તમને બોલાવ્યા વગર જતાં નાં, સમજ્યાં કે ?" કુમલી કોકટે શીરીનને શિખામણ રૂપે નરમ ઠપકો આપ્યો.

" એટલે તું રાન મને કોણ કેહેનાર ? ખબરદાર જો કુમલી, તેં મને આજે તો એમ કહ્યુંછ, પણ હવેથી એમ ના કહેતી, સમજીકે ? તું એક હલકી હજામડી સરખી મને કેહેવા આવી ?" શીરીને ખુબ તરીસે ઝાટકણી કાહાડી નાખી.

" પણ મને તો બાઇએ કહ્યું." કુમલીએ લુલો બચાવ કીધો.

" પણ તારે તેવણે મને તો કોઇ દહાડેબી નથી કહ્યું." શીરીને તકરાર ચલાવી.

" તેં મને શું માલમ ?" એટલું કુમલી બોલી ત્યાંથી ચાલી ગઇ પણ દુર જઇ મોટેથી બબડવા લાગી કે 'રાંન જો અહીં નહીં આવી હોતે તો કોણ જાણે કાંહાં હાંડા ઘસરતી મરવા પરતે ? પણ સારૂં થયું જે અહીં આવીચ' એટલું કહી કુમલી તો પોતાની ઓરડીમાં જતી રહી અને શીરીન પોતાની હાલતપર વિચાર કરવા પાછી બેઠી.

પણ તેણીના ધર્મની મા (રતનબાઇએ) આવીને ખલલ કીધી. તેવણુ જેવાં આપ્યાં તેવુંજ પેલું કાગજ શીરીને તેવણુના હાથમાં મુક્યું.

" હમણાં તો રહેવાદે શીરીન, પછી વાંચજે !" કહી રતનબાઇએ કચવાયલું મોહ કરી પેલું કાળી બારડરવાળું કાગજ બેદરકાર ઢપે તેબલપર નાખ્યું અને પછી એક આગલ પડેલી ઇઝીચેરપર દલગીર ચહેરે સુતાં. તેવણુની હીલચાલ પરથી સાફ દેખાતું હતું કે તેવણુને આજે કંઇ ગમતું ન હતું. શીરીન આટલો બધો વખત પોતાના નાજુક આંગલાંથી એક આબદાર હિરાની વીંટી સાથે રમત કરતી હતી; આટલો લાંબો વખત તેણી અહીં રહી તેટલામાં તેણીએ ઠીક પૈસા એકઠા કીધા હતા, પણ તે તેણીને મનસે શું કામના હતા? જ્યાં તેણીને દરેક પાંતીનું સુખ હતું, પણ ખરૂં પૂછાવો તો શીરીન જેવી એક જુવાન અને સાથે લાગી ખૂબસુરત છોકરીને બાહાર કેડે નહીં જવું એ દુઃખ સમાન હતું તોપણ તેણીને લાંબા વખતની આદત પડેલી હોવાથી કશું પણ અસીકું લાગતું ન હતું !

થોડો વખત રહીને રતનબાઇ ઇઝીચેરપરથી ઉઠયાં ને પેલું તેબલ-પરનું કાળી બોરડરવાળું કાગજ ઉંચકી એક નાજુક નાની છરીથી એનવેલપ ફાડયું અને કાગજ ઘણીજ આતુરતાથી વાંચીને પછી શીરીનને કહ્યું:

" દીકરી આજે જરા સારાં કપડાં પેહેરી તેયાર રેહેજે, કેમકે આજે કોઇ બાહારનું આવવાનું છે." રતનબાઇ એટલું બોલી પોતાના ઓરડામાં જવા માટે માળપર ગયાં અને શીરીન તરતજ પોતાના ઓરડામાં શણગાર કરવા ગઇ.

તરતજ પોતાના દીલમાંની સારી ને બદન કાહાડી નાખી " પીયર્સ સોપ"થી પોતાનું મોહું ધોવા લાગી અને નવી ફેશનનું બદન તેમજ સુંદર ઉંચા કંપડાં પહેરી તેયાર થઇ, અને ગળાંમાં એક બલુ મખમલની ચપટી લાકેટ પોઇ તે પેહેરીને નવી ટીલીની સારી સાથે પગમાં વેલાતી બુટ અને તેવાંજ સુંદર મોજાનો બપકો કરી ઓરડામાંથી બહાર નીકળી. તેણી-નો દેખાવ આ પોષાકથી ઘણોજ ખુબસુરત અને કોઇ પણ માણસનું દિલ

લલચાવે એવો લાગતો હતો. તેણી પોતાના ઉપલા પોષાકથી પોતાની ખરી ખુબસુરતમાં વધુ વધારો કરતી હતી.

"દીકરી શીરીન, તું ખરેખર આજે એક ખુબસુરત બઇરી લાગેછ." રતનબાઇએ તેણીની ખરી વખાણ કીધાં અને આથી તેણીના ખુબસુરત ગોલાબી ગાલ રતાસદાર થયા અને તેણી શરમથી નિચું જોવા લાગી.

પણ તેટલાં બાહાર ગાડી ઉભી રહેવાનો અવાજ આવ્યો, અને તેથી તેઓ બેઉ જણા ઉપર હોલમાં ગયાં, જ્યાં કુમલી એક એસકી પણ દોલતમંદ અને આબરૂદાર શેઠયાને દાખલ કરી બાહાર ગઇ. વાંચનારને કુદરતીજ ખ્યાલ થશે કે તે કોણ હશે? તે આવનાર ગ્રહસ્થ કોઇજ નહીં પણ શેઠ ફીરોઝશાહ મેહેલ્લાશાહ ખાનબાહાદુર હતા.

"આવો બા" કરી રતનબાઇએ આવકાર દીધો અને તેને શીરીને લેહકાનો આવકાર દઇ ટેકો આપ્યો.

ફીરોઝ તો આવતાંને વારજ શીરીનની ખુબસુરતીનાં કિરણોથી અંજાઇ ગયો; અને થોડોક વાર તો તે પોતાનો મોભો તદ્દન ભુલી જઈ શીરીનને એવી તો રીતે ટીકવા લાગ્યો કે તેણીને શરમાંઇને નિચું જોવાની ફરજ પડી.

"રતનબાઈ, તમે તો સમજ્યું હશેજ કે મારાં માયાળુ માતાજી એકદમ બાવાની વરસી પછી ગુજર્યાં." ફીરોઝ આ બોલતી વખતે પોતાની વ્હાલી માતાનાં મરણની યાદ થવાથી દિલગીર થઇ ગયો.

"હા બા, મેંબી આજેજ તમારી ચીઠી વાંચી ત્યારે જાણ્યું, પણ કંઈ નહીં, દીકરા ધિરજ ધરજે, ને સારી ચાલ ચલાવી તારા બાવાનું નામ કાયમ રાખજે!" રતનબાઇએ દુવા દીધી.

"હું તમારી એ દુવા માટે ઉપકાર માનુંછુજી, પણ મને એવણું હતાં તો એક મોટો આશરો હતો, પણ જેવી ખોદાની મરજી!" ફીરોઝ ત્યાં વળી વાત કરતાં કરતાં પેલી ખુબસુરત નાજનીન, જેણી બરોબરજ તેની સામે બેઠી

પ્રકરણ નવમું.

" અનગમતી પરોણાગત "

આપણે આગળાં પ્રકરણમાં જોઇ ગયા તેમ શીરોઝ ખેતવાડી-વાળાં રતનબાઇને મળીને ઘરે ગયો, અને રાત થયલી હોવાથી તે જલદી વાંચીને બીછાણે સુવા ગયો પણ તેને ઘણે વારે ઊંઘ આવી કેમકે તે શીરીન અને નવાઝ વ-ચ્ચે સરખામણી કરતો હતો. આ વિચારમાંને વિચારમાં ઊંઘઇ જઇ સહવારે જલદીથી ઉઠયો, કેમકે આજે તેને નવાઝને ઘર જવાનું હતું.

તેણે એક સ્ટીમરના એજંટ પાસથી સોરાબને માટે " ફ્રી પેસેજ " લખાવી લીધી હતીઅને તે આપવાને બહાને નવાઝને પણ મળી આવવાનો ઠીક લાગ ધારી, સહવારે અગ્યાર વાગતે જવાનો વિચાર કીધો. તેણે આજ પંદર વિસ દહાડા થયા નવાઝની તારા સંરખી આંખોસે પોતાની આંખો મેળવી નહતી, અને તે ખુબસુરત નાઝનીનનું સફેદ દુધ સરીખું અને ઘટમદાર મોહ જોયલું નહીં હોવાથી તે જોવાને ઘણો તતપર હતો અને આખરે તેને તે તક મળી.

આશરે અગ્યારનો અમલ થયો હશે કે જ્યારે આપણી વાર્તાના નાયક શીરોઝે ગાડી જોતરાવી નવાઝના ઘર તરફ કોચમેનને હાંકવ-કહી પેલું સ્ટીમરનું કાગજ વાંચવા બેઠો અને પછી વિચારવા લાગ્યો કે "જ્યારે સોરાબ ગામ જશે ત્યારે મને નવાઝને મળવાનું યા તેહનું તેણીને ઘર પણ જવાનું કશું પણ કારણ નહીં મળવાનું. એતો સોરાબ છે તેથીજ હું બી જાઉંછ." એવા વિચાર કરતો હતો એટલામાં પરેલ એદલજી મીસતરીના ઘર આગળ ગાડી આવી ને શીરોઝ અંદરથી ઉતરીને બાનિ

"અગાઉ સોરાબ એવણુ સાથે નજદીક પાંચ વરશ સુધી રહ્યો તો" નવાઝે આગલ ચલાવ્યું.

"તારેતો વળી ઘણુંજ સારૂં !" ફીરોઝે ખુશી બતાવતાં તેણીના ખુબસુરત અને શરમથી લાલ થયલા ચેહેરાપર અજબ રીતે ટીકતાંજ કહ્યું.

"નવાઝબાઇ, જરા મેહેરબાની કરી પીવાનું પાણી આપશો?" ફીરોઝે આગળ પગલાં ભરવા માંડયા.

"ત્યારે જરા આજે મારા સોરાબનું વરશ છે, વાસ્તે અમારા ગરીબ ઘરનું મોહમાં નાખીનેજ જવોજી." એટલું કહી નવાઝ દોડી અને ફીરોઝ તેણીની આ હીલચાલ ટીકતોજ ઉભો અને મનમાં એ ખુબસુરત નાઝનીન વિશે હજારો વિચારો કરતો બેઠો! તેણીનો આજનો સાદો પોશાક તેણીની પરીચેહેરે ખુબસુરતીમાં વધુ ઉમેરો કરતો હતો. સફેદ જીણી ઉંચી નેટનું બદન, અને જે અરધા હાથોનું હતું અને સાથે લાગું ઝીણું હોવાના સબબે તેણીનું સફેદ દુધ સરખું નાજુક બદન દેખાતું હતું; અને તેણીનું માથાબાનું આજે પણ માથાં ઉપર રહેવા રાજી ન હોયે તેમ તેણીના સુનેરી બાળો પરથી સરી ગયું હતું ! તેણીનાં દીલમાંની જીણી કોર સાથની કાળી સારી તેણીના દુધ સરખાં બદનને અસાધારણ શોભા આપતી હતી. તેણીએ પગમાં કાળાં ચામડાનાં સ્લીપર પેહેરી પોતાના નાજુક પગો ઘાંકયા હતા ! આ બધું ફીરોઝ પોતાની ભેજાની નોટબુકમાં નોંધી લેતો હતો.

જરા વાર રહીને નવાઝ એક કાચની રકાબીમાં સેવ, તાજા કેક, અને બીજું 'મોહમાં નાખવાનુ' લઇ આવી, ફીરોઝની આગળ એક નાની ટીપાઇપર મુકયું જેને પુરતો ઇનસાફ આપતાં આપતાં ફીરોઝે પુછ્યું:

"નવાઝબાઇ તમેબી મારી સાથે ખાવોની?"

"નહીંજી તમે ખાવો, હું તો વળી ખાવાનીજ, પણ તમેતો મારે

" તારે તો ચાલોની, આપરે સાથે ગાડીમાં જઇએ, કેમકે કરેલવાડી વેર ચાલતાં તો મારા પગ દુઃખી આવે ! " શીરીને કાંગલી થઇ કહ્યું.

" હા ચાલો " ફીરોઝે ગાડીમાં બેસતાં બેસતાં કહ્યું.

" એ નવાઝ કંઈ સારી છોકરી નથી. તેથીજ ઉલટી મગરૂર, ઇતરબાજ, ને છાલકાં મગજની છે । " શીરીને ચેસતા કરવા માંડયા,

" તે કેમ ?" ફીરોઝે પુછયું.

" તો બીજું શું જોઓની ! દસ્તુર દારાએ એનું નામ 'મુંબઇ શેહેરનું રતન' પારયું છે કેની તો બસ જાણે એના મનને એ લાયકજ હોયની, તેમ લોકો સાથે નહીં વાતચીત, પણ બસ પોતાના ભારમાંજ રેહેછ, જાણે આખા મુંબઇ શેહેરમાં એજ ખુબસુરત છે ! અરે જો કોઇ પૈસાવાલાને તાં એ આવી હોતે કેની તો કોણ જાણે શું કરતે ? પણ સારૂં થયું કે એદલા મીસતરીને તાં છે ? " શીરીને નિંદાખાનાનો 'સીન' બરોબર ભજી બતાવ્યો ! ફીરોઝ તો મનમાં તરતજ ચેત્યો કે આ બધા ઉભરા કાહાડેછ તેથી મુંગો મુંગો સમજ્યા કરતો હતો.

" વારૂં મી. ફીરોઝ, તમને એના વિશેની બીજી વાત માલમ છે ? " શીરીને બળતણ શરૂ કીધું.

" નહીં શું ?" ફીરોઝે લગાર આતુરતાથી પુછયું.

" મારો ભાઇ વિકાજી અગાઉ એ પોરી સાથે પ્યારમાં પડેલો હતો: ને રાનને ઘણું લઇ જઇને આપતો તો, એટલાં સુધી કે છેલ્લેતો એક લાકેટ વેચાતી લેઇને મને દેખરાવવા લાયો. મેં તો જોતાને વારજ કહ્યું કે 'એને બેને આપતો ના,' પણ તે એવી તો લુચ્છી કે તેબી પરાવી લીધી; પછી મારા બાવાએ જોયું કે વિકાજી કંઇ સારૂં કામ નહીં કરતો, તેથી પુણે કોલેજમાં મોકલ્યો તે હજુર સુધી ત્યાંજ છે ? " શીરીને અજબ જેવો ખુલાસો કીધો જેની અસર ફીરોઝપર એટલી બધી થઇ કે તે તદન

" અરે તે મને કાં ના છે, એ બિચારો સુખી થાય તો સારૂં. એની ગરીબ માયનો ને બાપનો દાહાડો વલે. એની બુરી સંગતથી એ ખરાબ થયો, બાકી છે છોકરો ઘણો સારો, તમે માનો એ મારી સાથે હતો તારે તો જાણે બકરૂં !" દસ્તુર દારાએ તારીફ કીધી.

" હાસતો, ને એને અહીંથી દુર કરવાને ખાતરજ એના બાવા એમ કેહેછ." ફીરોઝે ખુશી થઇ કહ્યું.

" પેલી એની બેન નવાઝ અગાઉ મનચેરજી વકીલના દીકરા વિકાજી સાથે મોહોબત રાખતી હતી, પણ જ્યારે એ વાત મંચેરજીએ જાણી ત્યારે તેવણેબી પોતાના દીકરાને પુણે મોકલી દીધો. એનો એમજ કીધેલું સારૂં." દસ્તુર દારાએ ફીરોઝના વેહેમોને હવે પુરતો ટેકો આપ્યો અને પછી બીજી બધી વાતો કરતાં તેઓ રાતે છુટા પડ્યા અને ફીરોઝ લગાર દલગીર ચેહેરે ફર્યો ! કારણ ? તે તો વાંચનીર જાણે છેજ.

પ્રકરણ દસમું.

—————— •

"એ માણુસ કોણ ?"

શીરીન, ઓરડામાં બેઠેલી છે, રાતના આઠનો અમલ થયલો છે જ્યારે ખેતવાડીવાલાં રતનબાઇની શીરીન દીલગીર ચેહેરે વિચાર કરેછે ?

વાંચનાર તું અજબજ થતો હશે કે આજે શીરીન દલગીર શા માટે હશે ? પણ તેણીને દલગીર થવાનું કારણ છે, જે આગળ ચાલતાં માલમ પડશે.

આઠનો અમલ થયલો છે, જ્યારે ચંદ્રમા પોતાની સાહેલીઓ સાથે પુર વસંતના બાહારમાં ઝળકાત સાથે શીરીનના ઓરડામાં પોતાનો દેખાવ આપતો હતો જ્યારે શીરીન પોતાના નાજુક બદનને આશાયશ આપવા ખાતર પોતાનાં નરમં બિછાણાપર અઢેલાયલી હતી. તેણીનો આ દેખાવ ઘણોજ મન લલચાવે એવો હતો; તેણીનો ખુબસુરત અને મોહ પમાડે એવો ચેહેરો, આજે જરા દલગીર જેવો લાગતો હતો. તેણીનાં સુંદર કપાળપર કરચલી વળેલી હતી, તે પરથી સાફ માલમ પડતું હતું કે તેણીનું નાજુકલું ભેજું કંઇ હવાઇ ખ્યાલોપર વિચાર કરતું હતું.

તેણી પોતાના નાજુક હાથો લાંબા કરી પલંગની કુરતની સાથે રમત કરતી હતી ! "મમઇ મરી જશે તો મારૂં શું થશે?" તેણીએ એ પ્રમાણે પોતાના મનમાં સવાલ ઉઠાવ્યો. "હમણાં બિચારા ઘણાંજ માંદાંછે ને ખોદા ન કરે ને મરી ગીઆંતો મારૂં શું થવાનું; જો એવણ વીલ કરયા વગરજ મરી ગીઆંતો ખચિતજ હું આ દુનિઆની સપાટીપર રવડતી રહી જવાની!' આ વિચારમાંથી ફારેગ થઇ તેના ખ્યાલો બીજા તુરંગોઉપર દોડયા કેઃ

"પેલો પીરોજશાહ ખાનબાહાદુર તો ઘણો નમાનો ને ભલો આદમી જણાયછે ને મારાં મમઇની મરજી કેથી તેનાપર ઘણીજ છે!" એવા એવા બાગાડુતા વિચારો કરતી અને કોઇવાર દલગીર ચેહેરે મુગીજ બેસતી. એ પ્રમાંણે થોડોવાર પોતાના બિછાનાપર પડી રહી તેટલાં તેણીના ઓરડાનું બારણું બાહારથી ઠોકાયું. અને જઇને ઊંધાડી જોય છે તો કુમલી કોકટ હાંફ્તી હાંફ્તી અંદર દાખલ થઇ!

"શીરીનબાઇ! શીરીનબાઇ! બાઇ કેહેછ કે આપરા બાગંના કમપાઉનમાં કોઇ માણુસ ફરયા કરેછ!" કુમલી હાંફ્તી હાંફ્તી બોલી. હમણાં તેણીના દીલમાં બદન પણ ન હતું અને ઘેલી ગાંડી જેવી દોડતી કહેવા આવી હતી.

"જા, જા, રાન ગાંડી, શું બકેચ તેનો કંઇ વિચાર છે કે?" શીરીને પોતાનુ માથાબાનું માથાંપરથી સરી ગયલું સરખું કરતાં કહ્યું.

"નહીંરે હુંબી કંઇ માનતી નથી" કે એમ હોય, કારણકે માલીએ તો બેઉ દરવાજા બંધ કીધાછ!" કુમલીએ જવાબ દીધો.

"અરે કુમલી, બિચારાં બાઇનું મગજ હવે ઠેકાણે નથી. કોણજાણે શું થયુંચ તે હજારો વિચાર મનમાં લાવી પોતાના જીવને દુ:ખી કરેછ! એવણનું ઠેકાણું હવે મુદલ નથી! કોઇ કોઇ વખત તો પોતે શું બોલેછ તેનોબી વિચાર નથી કરતાં!" શીરીને કુમલી આગળ બળાપો કીધો.

"હા, બરોબર છે શીરીનબાઇ, એવણ બિચારાંની દેહ તદનજ લથરી પડીછ, ને આપરા દાકટરબી તે દહાડે એવણને વાસ્તે ઘણો બળાપો કરતા હતા!" કુમલીએ શીરીનની દરખાસ્તને ટેકો આપ્યો.

"સોમાં મને ઘણુંજ ખરાબ થવાનું કુમલી, કેમકે એવણે પોતાનુ વીલબી નથી કીધું જે તેમાં મારે વાસ્તે કંઇ લખે. હું જેવી એક જુવાન છોકરી આએ દુનીઆમાં કાંહાં જવશ!" શીરીને બલાપો કીધો.

"બરોબર છે શીરીનબાઇ! પણ તમે ફકર શું કામ કરોછ, ખોદાનું કામ ખોદા કરશે!" કુમલીએ સધિયારો આપ્યો.

પ્રકરણ અગ્યારમું.

નવી મુલાકાત.

“નવાઝ, આજે મારા જીવને સારૂં નથી ને બાવાજી હજુર ઘરમાં નથી આયા વાસ્તે હું જરા બાહાર જઇ આઉંછ.” સોરાબે સમજાવવાની રૂહે પોતાની વ્હાલી બેહેનની રજા લીધી.

“પણ સોરાબ, જલદી આવજે કેમકે જો તું મોડો આવશે તો બાવા ગુસ્સે થશે ને માએ તારા આયાવગર ભોનું ખાશેબી નહીં” નવાઝે તેનો ફેંટો પઓડીને તેને આપતાં કહ્યું !

“અરે તું શું કામ ફકર કરેછ? હું પીરોશાહ શેઠને ઘેર જઇને અત્તર ઘડી આઉંછ” સોરાબે સધિયારો આપ્યો,

“પણ નવાઝ તું કંઈ આજે દલગીર જેવી લાગેછ! શું છે?” સોરાબે ખબર પુછી.

“નહીં સોરાબ મારૂં માથું દુઃખેછે તેથી. વારૂં જા વેહેલો આવજે” નવાઝે તેને રજા આપી.

આજે તેનીપર શું પડવાનું છે તે જાણે નવાઝ જાણતી હોય તેમ તેણીને કંઈ આગાહી સુજ પડતી હતી. અગર તેણી જો એમ જાણતે કે તેણીના વ્હાલા ભાઈપર વાદલ આવવાનું છે તો કદીપણ તેને આજે ઉંબરની બાહાર પગ મૂકવા દેતેજ નહીં પણ તેથીજ ઉલટું પોતાના નાજુક હાથે તેને જતો વાળતે, પણ સૌ કોઇ જાણેછ કે ખોદાઇ લાકડીને અવાજ નથી તેમ હવે શું બનશે તે આપણે હવે પછી જોઇશું.

સોરાબ જેવો ત્યાં નિકળ્યો તેવોજ સીધો પીરોજશાહ ખાન-બાહાદુરનાં બંગલા તરફ જવા નિકળ્યો. છ વાગેલા હતા અને સૂર્ય પોતાની સ્વારી પુરી કરી આ દુન્યાની હસ્તીપરથી પોતાનો સઘલો અસબાબ ઉઠાવી બાર કલાકની આશાયશ લેવા જતો હતો, અને મીલના ગરીબ મજુરો આખા દિવસના ભારી કામના બોજાથી પરવારી પોતાને મુકામે જતા હતા; પક્ષીઓ પોતાના માળા ભણી જે કંઇ થોડોક ખોરાક મળ્યો હોય તેપર શુકરાના કરી તે સાહેબની દુવા માંગી ઉડી જતું હતું. અને એ પ્રમાણે દરેક વર્ણના લોકો તેમજ પક્ષીઓ પોત પોતાને વગે સગે થતાં હતાં જ્યારે ખરૂં પુછો તો કમનસિબ સોરાબ આજે આફતના શિહા વાદલથી ગુમાયલો પોતાનાં કદમો તે ભલા શેઠીઆ પીરોશાહ ખાનબાહાદુરના બંગલા તરફ જવા જોસથી ભરતો હતો! તે હવે મુંબઇ શેહેરથી કંટાળી ગયો હતો, કેમકે આજે તે ગામ જવાની રજા માગવા તેવણ પાસે જતો હતો. હવે આપણે ટુંકમાં કહીએ તો તે વાલકેશ્વરના મોટા બંગલામાં પરેલથી કલાકમાં ઝડપથી આવી લાગ્યો અને લગાર હાંકેલો હોવાથી પોતાના ગજવાંમાંથી રૂમાલ કાહાડી પોતાના માથાં પરનું તાજ ઉંચકી પરસેવો સાફ કરતો હતો.

"હલ લો સોરાબ! કેમ. તું આજે અહીં આગ્યો?" ફીરોઝે બાહારથી આવતાંજ સોરાબની ખાંધપર હાથ મુકતાં કહ્યું. "સાહેબ મેહેરબાન શેઠ! હું તમારી સાથે કંઇ વાત કરવા આયોછ." સોરાબે લગાર ખુશ મિજાજમાં કહ્યું

"બેલાશક પણ તું જાણેછ કે દસતુર દારાબે તારી સરટીફીકેટ મને આપીછ! જો આએ તું કેહે તો હું વાચું?" ફીરોઝે ખુશીથી કહ્યું.

"નહીં કંઇ નહીં મુરબ્બી, એમાં વાંચવાનું શું છે. પણ સાહેબ હવે તો હું આ શેહેરથી તદનજ કંટાળી ગયોછ." સોરાબે કચવાઇને કહ્યું.

" કાંયે સોરાબ એમ કાંયે બોલેછ ?" ફીરોઝે આતુરતાથી પુછ્યું.

"તો શું સાહેબ! થોડા દહાડાની વાનપર મારા બાવાએ કંઇ વાત-પરથી વાત કરતાં મારી સુનાની વાતપર આવ્યા ને તેવણુ તેણીને ગાલ દેવા લાગ્યા, મને તે વખતે એટલું તો લાગી આવ્યું કે હું તરતજ ઉઠીને ચાલી ગયો ને ચીરમાં ને ચીરમાં મને તો બાનબી નહીં રહ્યું કે હું કાંહાં જાઉંછ. તરતજ હું તો પેલી વિલરવાંદરીની પાસેના પીઠાંમાં ઘુસી ગયો, ત્યાં જઇને જોઉંછ તો પાલી પોસાગીર, ઉસમાન, રતુ અને એવાજ બીજા પોશાગીરો કે જેઓ સાથે અગાઉ હું ફરતો હતો, તે લોકોને બેઠેલા જોયા. પાલીએ તો મને જોતાંને વારજ મારી ગરદનની આસપાસ પોતાના પાપી હાથો વિંતાળી જાણે કેટલેક વરસે મળ્યો હોય તેમ કોટી કરવા લાગો અને પછી મારી સાથે મીઠી મીઠી વાત કરી મને દારૂ પાયો. હું તો ભુખેબી ઘણો હતો તેથી તરતજ મને ઘેન ચહરીને પછી તો હું લગાર છાકટો થયો ને પાલી મને કેહેવા લાગ્યો કે 'દોસ્ત સોરાબ, અગર તું જો આજે રાતના મારી સાથે આવેતો એક મોટો દલ્લો હાથ આવશે' અને એવું એવું મને સમજાવવા લાગો!" સોરાબે પોતાનો ખુલાસો ઘણીજ ઉંચકાતી છાતીએ કીધો.

" ત્યારે શું તમે ગીઆ કે ?" ફીરોઝે વાતમાં રસ લેતાં પુછ્યું.

" નહીં સાહેબ! હું તો જતે એવી હાલતમાં હતો પણ ખોદા મારી બેહેનને સલામત રાખે તે તરતજ તેણી મને ગુસ્સાભેર ચાલી આવેલો જોઇ મારા પછાડેજ એકલી રાતના પોતાની જરાકપણ દરકાર કર્યા વગર પીઠામાં આવી અને હું તેણીની સમજાવાથી તરતજ ઘેર ચાલી આવ્યો."

" ત્યારે શું તમુને હમેસ નવાઝ બચાવવા આવેછ !" ફીરોઝે નવા-ઝને વાસ્તે મગરૂર થતાં કહ્યું.

" હા સાહેબ, જ્યારેબી કંઇ મને દુઃખેચ વીચેચ અથવા હું કંઇબી દુઃખમાં આવી પડુંછ તો એ મારી વાહાલી બેહેન મને મદદ કરેછ." સોરાબે પોતાની બેહેને માટે મગરૂરી લેતાં કહ્યું.

" ખરેખર સોરાબ, ત્યારે તો ખોદાનો ઉપકાર માન કે તું જેવાને એક ખરેજ માયાવંતી બેહેન મળીછ !" ફીરોઝે કહ્યું.

"પણ સાહેબ હવે મને તમે કયારે મોકલોછો ?" સોરાબે આતુરતા બતાવી.

" આજથી બરોબર આઠ દહાડા પછી." ફીરોઝે કહ્યું.

" વારૂં સાહેબ, તમારા જેવા એક મુરંબી માટે હું ઘણો મગરૂર છું." સોરાબે કહ્યું.

" વારૂ ચાલ, સોરાબ લે જરા દારૂ પી. ચાલ આપરે સાથે ખાઇએ." ફીરોઝે દારૂની બાટલી ઉંઘાડીને ગલાસ તેના હાથમાં આપતાં કહ્યું.

" ચાલો સાહેબ, જેવી તમારી મરજી." સોરાબ એમ કહી ખુરસી તાણી તેબલ આગળજ બેઠો. ટુંકમાં તેઓ ખાઇ પી નવએક વાગતે ઉઠયા, જ્યારે સોરાબ રજા લઇ ઘર જવા ફરયો અને તેટલાં પીરોશાહ શેઠે તેને તેડયો.

" પણ, વારૂં સોરાબ, તું કોઇ દાકટરની સરટીફીકેટબી લાવજે."

" વારૂં સાહેબ ! સાહેબજી !" સોરાબ એટલું બોલી સલામ કરી ચાલ્યો.

પ્રકરણ બારમું.

—:o:—

કાઉભાઇ સાથે ખટપટ.

સોહરાબ જેવો શીરેઝનાં ઘરથી નિકલ્યો તેવોજ પોતાને ઘર ઝડપથી જવાના હેતુથી પોતાના પગને ખુબ તસ્દી આપવા લાગ્યો. રાત ચાંદરણી હતી હતી અને તદન શાંત હતું. તેના પોતાનાં બુતના અવાજ શિવાય કંઇપણ સમજાતું ન હતું ! રસ્તાપર કોઇ કોઇ મોટા બંગલાઓ આગલથી પસાર થતાં તેને સુંદર ફુલોનો સોહોરમ આવતો હતો, જેથી તેનાં દુઃખી મનને રાહાત મળતી હતી.

તે પોતાનાં મનમાં ગામ જવાના અને ત્યાંથી કમઇ લાવી, માય બાપનાં સુખમાં વધારો કરવાનો વિચાર કરતો ચાલતો હતો. આવે વખતે તેને રસ્તાપરથી ચાલતાં મજાહ ઘણી લાગતી હતી; પવનપણ મધ્યમસર ફુંકતો હતો, અને સોરાબપણ પોતાના વિચારોમાં મધ્યમસર રસ્તે કાપતો હતો. તે હવે પોતાને ઘરથી થોડેક દુર મેદાનમાં ગીચ ઝાડોની ઘટામાંથી પસાર થતો હતો જ્યારે દુર ઝાડને અધેલી ઉભેલો કોઇ માણુસનો ઓળો જણાયો. જેવો તે માણુસ આગળ આવી પુગ્યો કે તેને નિચલો અવાજ સંભલાયો:—

"કેમ દોસ્ત સોરાબ, કાંહાંથી આયો ? ચાલની હું તારીજ વાટ જોતો ઉભોછ." સોરાબ આ ધણીને જોઇ ચોંકયો. તેણે આંખનાં પલકારા સમેત જોઇ લીધું કે એ શખ્સ કોઇજ નહીં પણ તેના દિલની મુરાદ સુનાનો માનિતો કાઉભાઇ મેંહતો હતો; ખરૂં પુછોતો બેઉ હરિફોજ સામા થયા હતા !

ગરીબ બિચારો સોરાબ! તે કલાક અગાઉ થોડુંજ જાણતો હતો કે તે નિર્દોષ છતાં એક મોટા પાપના બોજા તળે આવી જશે. તે બિચારો પોતાના મનમાં સારા વિચારો સાથે કેવો ઉમેદભર પોતાને મકાને જતો હતો જ્યારે તેને કાઉભાઇએ અટકાવ્યો!

"કેમ શું કેહેછ? ચાલ મને તારી સાથે વાત કરવાનું કંઇબી કામ નથી!" સોરાબે જતાં કહ્યું.

"અરે ઉભો રેહે સાહુકાર! એમ હિચકારાનીકાની ચાલી શું જાયેછ?" કાઉભાઇએ છેડતી શોધી.

"ચાલ એ, મુગોમર, નહીંતો કંઇ ઓરનું દોર થશે!" સોરાબ તેની આગલ જઇ બોલ્યો.

"અરે તારી બધી વાત સુનાને ખબર છે! સમજ્યો કે?" કાઉભાઇએ આતશ સળગાવ્યો.

"શું જાણેછ? તારૂં કપાલ." સોરાબે સુનાનું નામ સાંભળતાંજ ફીરકેરાઇ પુછ્યું.

""હવે શરમ આબરૂમાં મરી રેહેની, નહીંતો કે અમયો દલગીર થઇને ઘર જશે!" કાઉભાઇએ મોટેથી હસતાં કહ્યું.

"અરે ચાલ ચાલ શરમવાળાં, મુચો રેહે નહીંતો પછી તારૂં માન ભાગશે!" સોરાબે કાઉભાઇનાં આંગપર ધસી જતાં કહ્યું.

"ચાલ એ હાંડા માસ્તરની ચાલ બતલાવેછકે! અરે બચ્ચાં એ બધું સુના જાણી ચુકીછ!" કાઉભાઇએ મોટેથી હસ્તાં કહ્યું, જ્યારે સોરાબથી પોતાનો ગુસ્સો પોતાના કાબુમાં ન રખાતાં તેની લગામ છોડી દઇ કાઉભાઇનાં કોઠામાં એક જબરદસ્ત મુક્કી ગુમાવી. તેણે આ હુમલાની વકી રાખી હતીજ નહીં, માટે આએ મુક્કી તેને જબર વાગી પણ પાછો પોતાનો બદલો આપવા બીજી એક સોરાબના કોઠામાં ચડાવી જે તેણે ચુકાવી નાખી!

"બચ્ચા પોશાગીર ! તું જેવા આગળ મારૂં તો નહીં ચાલે પણ તોબી કંઇ ખાધો તો નહીંજ જાઉં હું ! તારી આગળતો સુના આવેબી નહીં ? જન સુજમાં રેહેજે ! મુગો મુગો ધંધે લાગ નહીંતો હારમાર થસે !" કાઉ- ભાઇએ હાંફતા હાંફતા કહ્યું, જ્યારે સોરાબથી ઉપલા બોલો નહીં સંભળાઇ શકાયા અને તે પોતાના સારા વિચારો જે એક કલાક અગાઉ કીધા હતા, તે તદન ભુલી ગયો, અને કાઉભાઇને મારવા લાગ્યો! બેઉજણ ખુબ મરાયા, જેમાં સોરાબનેબી ખુબ લાગ્યું, પણ એના કરતાં કાઉ- ભાઇ તો તદન મારખાઇ ગયો ! હવે કાઉભાઇની સબુરીબી તુટી ગઇ અને તે ઘણુંજ પાપી કર્મ કરવા તૈયાર થયો ! તેણે પોતાનાં ગજવામાંથી સોરાબ નહીં જોય તેમ એક ચાલતી છરી કાહાડી અને આસપાસ જોઇ જેવી સોરાબને ભોકવા જતો હતો, તેવામાં સોરાબે તેનો પાપી હાથ પકડી લીધો, અને વધારે ચિરડાઇ જઇ કાઉભાઇના હાથમાં તે વેહેતી છરી ભોકી, અને પાછો જમીનપર તેને ફેંકી દઇ ત્યાંથી ગભરાતો ગભરાતો અને પોતાનાં કપડાં સાફ કરતો ચાલ્યો ? તેનો દગલો ફાટી ગયો હતો અને અગર જો કોઇએ તેને આવી હાલતમાં જોયો હતે તો ખચિ- તજ પકડતે! પણ તેનાં સારાં ભાયગે સહિસલામત પોતાને ઘર જવા પામ્યો.

જેવાંને વારજ બારણું ઠોકયું જે ઉઘાડવા તેની સદાની વ્હાલી બેહેન નવાઝ આવી. તરતજ થોડી ઘણી વાત કરી પોતાના ઓરડામાં જઇ કપડાં કાહાડી ઉંઘાઇ ગયો.

પ્રકરણ તેરમું.

—:o:—

શીરીનની ખોળ અને રતનબાઇનો એકરાર!



ખેતવાડીવાળાં રતનબાઇની માંદગી દિનપર દિન વધતી જતી હતી, તેથી શીરીન પોતાની શોધ ખોળ જારીજ રાખતી હતી. તેણી પોતાના મમઇની છુપી વાતો ભરાઇને સમજતી અને એજ કીસમની હજારો ઉથલ પાથળ કરી તેવણુનો ભેદ શોધી કાહાડવાની કોશેશ કરતી. આજે પણ તેણી છુપીથી તેવણુના ઓરડામાં જવા નિકળી હતી• તેટલાં કુમલી કોકટે કહ્યું:

"જો શીરીનબાઇ, તમે જાઓછ તો ખરાં, પણ બાઇ જુમ મારે તેનું મારે માથે ના ધોરવતાં સમજ્યાં, હું નહીં જાણું!" કુમલીએ કીને બે હાથો દઇ વાંકી વળી• જાણે નાનાં છોકરાંઓ રમતી વખતે કાને હાથ દઇ 'મારા કાન બેહેરા છે, ઘી ગોળે ભરેલા છે, એક કાને તાળું ને બીજા કાને કુંચી!' કરી, કહે તેમ કુમલી કરવા લાગી.

"જાજા, રાંડ, મને કંઇ બિહીવરાવવા આવીછ કે? તને ગમે તેમ કર પણ હું તો જવાની!" એટલું કહી તરતજ માળપર ચહડી ગઇ અને મમઇના ઓરડામાં ગઇ. તેવણ તદન લોડ પડેલા હતાં અને હમણાં પોતાનાં બિછાણાંપર અજેતાઇ પોતાની નબળી પણ ચળકતી આંખો ઉઘાડી કુદરતનો દેખાવ નેહાળતાં હતાં. તેવણે જેવો ઓરડામાં શીરીનનો આવવાનો અવાજ સાંભળ્યો કે તરતજ પોતાની ચશમ બારણાં તરફ દોડાવી, અને શીરીનને પોતાના નાજુક હલકે ઓરડામાં આવવાની રજા આપી.

" દીકરી શીરીન, કેમ તું હવે મને મળવા આવતીજ નહીં કે? દીકરી હું મરવા સુતીછ ને તું મને મળવાબી નહીં આવતી ? " રતનબાઇએ હાંફરો કીધો.

" નહીં માયજી હું તો રોજ આવવા નિકલુંછ પણ પેલી રાંડ કુમલી કંઇનું કંઇ જુઠું કહી અટકાવેછ ! " શીરીને પોતાની સાડીની સોર, જે સરી ગઇ હતી તે બરાબર ઉંચી કરતાં કહ્યું.

" એ રાંડ ઘણીજ ખરાબ છે, પણ એ મારા ઘરમાં ઘણો વખતની રહીછ તેથી મને કહાડવાબી નથી ગમતી." રતનબાઇએ ખુલાસો કર્યો.

" શાનું માયજી ? એ એવું કરેછ તે એનેતો તરતજ કહાડવી જોઇએ. બીજી ઘણીબી મળશે. " શીરીને કહ્યું,

" પણ એ બધો મારો ભરમ જાણેછ ને હું જો એને કહાડી મુકું તો એ બીજી ગમ જઇ આપણી વાત કહી ફજેતીના વાવટા ઉડારે !" રતનબાઇએ પોતાની મતલબ કહી.

" હા, ત્યારે તમારૂં બોલવું વાજબી છે ?" શીરીને તેવણનાં મતને મળતી થઇ ટેકો આપ્યો.

" પણ દીકરી, જો તું મારી ખરીજ ભલીને માયાળુ દીકરી હોય તો મારૂં એક કામ કર ?" રતનબાઇએ લગાર દયાની ઢપે કહ્યું.

" મારી આંખને જોરે, માયજી. તમારો મારીપર એટલો બધો આભાર છે કે તે હું કદીબી ભુલસ્યા નહીં. બોલો માય શું છે ?" શીરીને પોતાની ફરજ બતાવવા ઉમંગ બતાવી.

" તો જો સમજ, આજે પંદર દહાડા થયા આપરા બાગમાં કોઇ માણસ ફરયા કરે છે, ને હુંતો ખચિતજ ધારૂંછ કે જે ધણીની હું રાહ જોઉંછ તેજ હોસે ! દીકરી જો તું મને તે ધણી સાથે મેળવશે તો હુ ખચિતજ ખુશી થવશ?" રતનબાઇએ ઘણી આતુરતાથી કહ્યું.

" અરે પણ માયજી હુ કાંહાં ના કહુંછ ! પણ તે કોણ છે ! તેના ચહેરાનો તો મને ખુલાસો કરો. " શીરીને પુછ્યું.

" તે લાંબો ને પાતળો જેવો, ગોરો, મોટી મુછવાળો પારસી છે ને

હુસ્યાર છે. દીકરી, જો તું તેને જોય તો તરતજ મારી આગળ લાવજે. ચુકતી ના, પછી રાત હોય કે દીસ !" રતનબાઇએ ઘણીજ ઉલતથી કહ્યું.

"પણ તમારાં બારણાની આગળજ કુમલી સુવેછ તે હું રાતના આઉં કેમ ? તેતો મને જોતાંજ બારણું નહીં ઉઘાડે !" શીરીને અશકયતા બતાવી.

"હું હોવશ તો એટલું બધું નહીં કરવાની. દીકરી, હવેથી હું તને રજા આપુંછ કે કોઇ બી વખતે તું મારા ઓરડામાં આવજે. પછી હું ગમે તે કરતી હોઉં, સમજી ને ખોદાને ખાતર પેલા પારસીને શોધજે. તું તેને લાંવશે ને હું જોવશતો તો હું નચીંત થઇશ. નહીંતો મારાં મનમાં વસુવસો રહી જશે." રતનબાઇએ કગલીને કહ્યું.

" તમે કંઇ ફીકર ના કરો માએજી, હવેથી હું બધી શોધો કરીશ." શીરીને સધિયારો આપ્યો.

" જીવતી રેહેજે દીકરી, ને ઘણું સુખ જોજે !" રતનબાઇએ આશિર્વાદ દીધા !

" પેલી કુમલીને હવે તમે કંઇ કહેતાં ના !" શીરીને કહ્યું.

" નહી શુ કામ ? તે રાંડનો વિશ્વાસ કોણ કરે ?" તેવણે ધિક્કાર બતાવ્યો, અને આગળ બોલતાં હતાં તેટલાં કુમલીના પગો દાદરપર ચહડતાં સમજાયા અને બન્ને મુગાં રહ્યા.

કુમલી હાથમાં રસનું પ્યાલું લઇ ઉપર આવતી હતી કેમકે ડૉકટરે રતનબાઇને તે પીવા ઘણું ભલામણ કરી હતી. શીરીન તરતજ તેવણની રજા લઇ બાગમાં ફરવા ગઈ અને કુમલી અને રતનબાઇ ઓરડામાં એકલાં રહ્યાં. શીરીન તરતજ દાદરપરથી ઉતરીને બાગમાં ફરવા ચાલી, કેમકે તેણીને ઝાડપાનનો શોક કુદરતીજ ઘણો હતો.

તેણી આસપાસ બાગમાં ફરતી હતી અને એમ કરતાં આસ્તે આસ્તે પેલી જગો, જ્યાં તેણી પડી ગઇ હતી અને તેણીને ફીરોઝે ઉંચકી હતી ત્યાં આવી લાગી, પણ તેણીની મોટી અજાયબી વચ્ચે જોયછ શું કે રતનબાઇએ જે પારસી વિશે ઓળખ આપી હતી તેજ ઓળખનો અને તેવાજ ચેહેરાનો, દરવાજાને અઢેલી સીરામાં બેઠો હતો !

શીરીન તેને કંઇ કેહેવા જાય તે અગાઉ તો તે નાહસીજ ગયો જેથી તેણી નિરાશ થઈ ઉભી !

પ્રકરણ ચઉદમું.

—:o:—

ખુનનું તોહોમત !

આપણે આગળાં પ્રકરણમાં જોઇ ગયા તે પ્રમાણે સોરાબ રાતના કાઉભાઇ સાથે મારામારી કરી તેને હાથમાં છરી ભોકી ઝડપથી ઘરે ગયો, જ્યારે તેની માયાળુ બેહેન નવાઝ દોડતી આવી બારણું ઉઘાડી પોતાના ભાઇને લીધો, ત્યારે તેણીએ પણ અંધારામાં જોઇ લીધું કે સોરાબ આજે પોતાની સુદ્ધિમાં હતોજ નહીં, તોપણ જ્યારે તેણીએ તેને બરોબર પોતાના ઓરડામાં જતો જોયો, ત્યારે મુગી મુગી સુઇ ગઇ. તોપણ જ્યારે તેણી પાછળી રાત્રે ત્રણ વાગતે ઉઠી, ત્યારે આસ્તેથી જઇ સોરાબની હાલત તપાસવાનું તેણીનું મન લલચાયું. અને તરતજ પોતાનાં ગરમ બિછાણાં પરથી ઉઠી, એક મીનબત્તિ સળગાવી, પોતાના નાજૂક હાથમાં ધરી માલ પર પોતાના ભાઇના ઓરડા તરફ ચાલી; બારણું અળગુંજ હતું અને તેનો લાભ લઇ તેણી ઓરડામાં દાખલ થઇ. ઓરડામાં જતાં તે વારજ તેની દંગ થઇ ગઇ કેમકે તેનું મોંહોડું બધું સુજી આવેલું હતું, હાથની બાજુપર બે સખત ઘા થયલા હતા જેમાંથી હજીપણ લોહી વેહેતું હતું, અને આંખ સુજી આવેલી હતી અને કેટલીક બાજુપર સખત વાગેલું હતું !

તરતજ તેણીએ પોતાના હાથની મીનબત્તિ ગોઠવીને ટેબલ પર મૂકી અને સોરાબ આગળ જઇ તેનો હાથ તપાસ્યો, તેણીને તેનું આંગ બધું ઠંડું આઇસ જેવું માલમ પડયું ! આથી તેણી વધારે ચમકી તોપણ

વધુ ગડબડ નહીં કરતાં અને મન શાંત રાખી સોરાબને ઉઠાડવા માગ્યો, પણ તેતો બેસુદ્ધ પડેલો!

તરતજ દોડી જઇ કોલૅાગવોટરની સીસી અને થોડોક પ્યાલામાં બરાનડી લીધો અને કોલૅાગની બાટલી ઉંઘાડી, તેના નાંકમાં સુંઘાડયું. અને ખૂબ જોરથી તેના સુજેલા મોહોડાં પર ભરચું અને પછી આસ્તેથી પેલો બરાનડી તેનાં ગળાંમાં ઉતારયો! થોડોકવાર સુધી તો સોરાબ જેવી હાલતમાં પેહેલે હતો તેમજ પડી રહ્યો, આથી તેણીની નબલી છાતીમાં વધારે હિમ્મત ન રહ્યાથી રડી પડી, પણ જરા વાર રહી જ્યારે સોરાબ જરાક હાથપગ હિળવવા લાગ્યો. ત્યારે તેણીના સુંદર ગોલાબી ગાલ પરનાં આંસુઓ પોતાના સદરાએ લુછી નાંખી તેને પાછું કોલૅાગવાટર સુઘાડયું!

"બચ્ચા, તારા હાથમાં છરી છે નહીં? બંધ કર નહીં તો કંઇ વધારે થઇ જશે!" સોરાબ આમ ઉંઘમાંજ બોલી પોતાનો નબલો હાથ જેમ-તેમ થોડોક ઉંચકી નવાઝને મારવા જતો હતો જ્યારે તેણીએ અટકાવી કહ્યું:

"સોરાબ! એ તો હું તારી બહેન છઉં!" તરતજ આ બોલો સાંભળતાંજ સોરાબે પોતાની આંખો ઉંઘાડી અને નવાઝને જોઇ જાણે શું એક ધીરજ આવી હોય તેમ બોલ્યો, "મારી વ્હાલી બહેન હું કાંહાં છઉં?" સોરાબે નુવાઝની ખાંધ પર હાથ મૂકીને તેણીના આધારે ઉઠતાં પુછ્યું.

"સોરાબ તું બીહ ના! આપણા ધરમાંજ તું છે, પણ બોલ તુને આવી રીતે કોણે મારયો!" નવાઝે તેના ગાલપર મમતાથી હાથ ફેરવતાં પુછયું.

"નહીં નવાઝુ! એતો પેલા કાઉભાઇ સાથે મારામારી થઇ તેમાં મને વાગું! મારૂં મન તેની સાથે મારામારી નહીં કરવાનું હતું. પણ જ્યારે

તેણે મને છેડયો ને મને ચિરડાવ્યો ત્યારે હુબી પછી મારવા લાગ્યો, પણ નવાઝ હવે બાવા ને માય જોશે તો? મારૂં મોનું શું વધારે સુજી-ચુંછ કે?" સોરાબે ફકર કરતાં પુછ્યું.

"હા! તું તો ઓળખાતોબી નથી, પણ કંઇ નહીં, હુંજ માએને ફેવસ ને આજે બાવા તો સકારે જવાના છે, વાસ્તે છેક રાતના આવશે ને તેટલા તો કંઇ દવા લગાડશું એટલે ઘણું નરમ પડશે!" નવાઝે સધિયારો આપ્યો.

"પણ નવાઝ જરાક મને વધારે બ્રાન્ડી આપ, કે કાંઇ સુજ પડે." સોરાબે આજીજી કરી કહ્યું. નવાઝ તરતજ પેલા પ્યાલામાંનો વધેલો દારૂ આપી બોલી, "લે સોરાબ, ને હવે ખોદાને ખાતર સુઇ જા, નહીં તો ઘણું બોલશે તો વધારે ખરાબી થશે! પણ સબર, આ તારા હાથ પર બે ઘા પડયાછ તેની પર જરા બ્રાન્ડીમાં ભીંજવી ઘા પુરો મુકું ને પછી મજબૂત પાતો બાધું કે લોહી વેહેતું બંધ પડે!" નવાઝે ઘા પુરો મૂકી પાતો બાંધી થીકથાક કરી બરોબર તેને ગરમ બંદુસ ઓઢાડી સરખી રીતે સુવાડી નીચે ગઇ અને સોરાબ પોતાની બેહેનની આવી સારી ચાલને વાસ્તે ખોદા પાસે તેણીમા હકમાં દુવા માંગી સુઇ ગયો!

નવાઝ જરાકવાર પોતાનાં બિછાણાં પર સુઇ હંમેશના રાબેતા મુજબ પાંચ વાગે ઉઠીને હાથ મોહોડું ધોઇ, ફરીથી પોતાના ભાઇને બરોબર, સૂતેલો છે કે નહીં તે જોવા ગઇ અને બરોબર સૂતેલો જોઇ, પોતાના બાવાને વાસ્તે ચાહે નાસ્તો તૈયાર કરી તેમને જલદી વિદાય કરી ઘરનું સાફસુફ કરી પોતાનાં માયના ઓરડામાં ચાલી. તેવણ તરતનાંજ ઉઠેલાં હોવાથી સોરાબની નાખુશ તબિયત ન કહેતાં હાથ મોહોડું ધોઇ રહ્યાં કે સઘળો હેવાલ ઘણીજ સારી રીતે અને સોરાબની તરફેણમાં કહ્યો. તેવણ આથી દલગીર થયાં ને સોરાબને જોવા ઉપર

ગયાં. તે હજુર સુતેલોજ હતો માટે સુવા દઇ ત્યાં ખુરસી પર બેઠા અને એક કલાકે સોરાબ ઉઠયો. તેનું માથું ઘણુંજ દુ:ખતું હતું. નવાઝ અને પોતાની હેતવંતી માયને જોઇ તે ઘણો ખુશી થયો, અને બિછાણાંપરથી ઉઠીને તેવણુને બધી કેફિયત કહી પોતાના માતાને સધિયારો આપી નિચે હાથ મોહોડું ધોવા ગયો.

"દિકરા સોરાબ! તું બેરામજી ડૉકટરને ઘર નવાઝ સાથે જા ને તેવણુને બધી તારી હકીકત કહે અને જો તેવણુ દવા આપે તે લગાડ, એટલે સારૂંજ થશે." મેહેરબાઇએ પોતાના દિકરાને તુવાલ મોંહોડું લુછવા આપતાં કહ્યું.

"હા માયજી! હુંબી તેજ વિચાર ક્યારનો મનમાં કરૂં છ." સોરાબે મોહોડું તુવાલે લુછતાં કહ્યું.

"નાસ્તો કરીને આપણે જઇએ!" નવાઝે કહ્યું.

હવે તેનું અંતઃકરણ જરાક ખુશ લાગતું હતું. કેમકે પોતાનો સઘળો એકરાર પોતાની વ્હાલી મા આગળ કીધો હતો પણ હજુર એક ધાસ્તી પુરી કરવાની હતી, તે તેના બાપની હતી. તેણે હજુ તેવણુને મુદ્દલ ચેતાવ્યું ન હતું! બન્ને ભાઇબ્હેનો નાસ્તો ખાઇ ડૉકતર બેરામજીને ઘર ગયાં. ડૉકટર બેરામજી એ લોકને ઘણી સસતી અને સારી દવા આપતા હતા. તે આખાં પરેલમાં વખણાઇ ગયાં હતા, અને કેટલાંક ગરીબોને તો મફત દવા આપતા હેતા. તેમની દયાનત પ્રમાણે તેમની બરખતબી સારી હતી અને ઘરાકી સારી જામેલી હતી.

"તું તારી સરટીફીકેટબી ડૉકટર પાસે લઇ લેજે!" નવાઝે રસ્તામાં ચાલતાં ચાલતાં કહ્યું.

"હા તેં સારી યાદ દેવડાવી. એવણુને કહીશું તો વગર તપાસવે આપી દેશે, કેમકે મને તો એવણુ સારીકાની ઓળખેછ. નવાઝ, હું તો

કોઇ કોઇ વખત એવણનાં દવાખાનામાંજ જઇને બેસુંછ!" સોરાબે લગાર ખુશી થઇ કહ્યું.

"ત્યારે ચાલ, જરા જલદી ચાલ, નહીં તો એવણ પોતાનાં ઘરાકોને ઘેર જતા રેહેશે તો અમથું બેસવું પડશે!" નવાઝે વાજબી કહ્યું.

"ઉતાવળ ના કર, મારેથી આજે જલદી ચલાતું નથી." સોરાબે કહ્યું અને એ પ્રમાણે તેઓ વાતચીત કરતાં ડૉકટરને ત્યાં આવી લાગ્યાં. ડૉકરબી બેઠેલાજ હતા અને તેવણે કંઇ દવા લગાડવાની આપી અને સોરાબની સરટીફીકેટબી લખી આપી, જે લઇ બન્ને ભાઇબ્હેન ઘર ગયાં! ઘરે આવી ડૉકતરના ફરમાવ્યા મૂજબ દવા લગાડયાથી સાંજ સુધીમાં તો ઘણો ફેર પડી ગયો, અને અરધો અરધ સોજો ઉતરયો.

આજે સોરાબ સાંજના કેડે ફરવા જવાને બદલે ઘરમાંજ રહ્યો અને પાણાં રમી પોતાનું મન રાજી કરતો હતો. રાતના સાત વાગતામાં તો ખાઇને સુઇ ગયો અને તેના બાવા પણ રાતના આઠેક વાગે આવી ખાઇને સુઇ ગયા. તે રાતે સોરાબને ઉંઘબી બરોબર આવી પણ કોઇ કોઇ વખત તો તે ઝબકીને ઉઠતો. એ પ્રમાણે આખી રાત તો કાહાડી અને સહવાર પડી; તે કમબખ્ત સહવાર, કે જ્યારથી આ ગરીબ ઘરની કમબખ્તીનું મુળ શરૂ થયું, જે આગળ ચાલતાં આપણે જોઇશું.

મોહ હાથ ધોઇ, ચાહે નાસ્તો કરવા સઘળાં સાથે મળવાં જોઇએ, માટે રાબેતા પ્રમાણે નીચે સોરાબ પણ ગયો, જ્યાં એદલજી તેબલ પર બેઠા હતા. તેવણને સઘળી કેફીયત કહી સંભળાવી, અને તેવણે પણ મેહેરબાઇની માફકજ પોતાનો અભિપ્રાય જણાવ્યો; નાસતો આવી લાગ્યો, અને સઘળાં તેબલ પર બેઠાં. તેઓ સઘળાં તો ખાતાં હતા જ્યારે સોરાબ સઘળાંનું મન મનાવા ખાતો હતો. આજે તેનું મન કશાંપર બરાબર લાગતું નહતું. તેને કુદરતીજ ધાસ્તી પેદા થતી હતી. અરધોક નાસતો ખલાસ થયોકે

તેઓનાં ઘરમાં બે મુસલમાનો આવ્યા. એકે માંથાપર મોટો કટકો વિટાળેલો હતો અને બીજો તરફીશ કેપ પર હતો, બેઉના હાથમાં જાડી ડાંગો હતી.

"સલામ સાબ!" તેઓમાંના એકે એદલજી શેઠને સલામ કીધી.

"કયું, કયા મંગતા હયે?" એદલજીએ દમમાંજ પૂછયું.

"નહીં કુચ્છ નહીં, હમ તો સોરાબજી એદલજી મીસતરીકુ હાંસે લે જાનેકુ આયે હયે. ઉનોપર વૉરંટ હય!"

ઉપલા બોલો તેઓને વિજળી પેઠે વાગ્યા. તેમાં બિચારાં ગરીબ મેહેરબાઇ તો નવાઝને વળગીજ પડયાં! સોરાબ તો ડંગજ થઇ ગયો! સૌમાં ત્રાસદાયક દેખાવ તો એદલજીનો હતો! નવાઝ પોતાના ભાઇની ઘણીજ દયા ખાતી હતી અને આ બનાવથી સોરાબનાં માતાને જબર ફટકો લાગ્યો અને તેવણનાં હકમાં ઘણુંજ ખરાબ થયું!

"ચલો સોરાબજી શેઠ, અબી કુચ્છ તકરાર કરનેકા કામજ નહીં. તુમકુ કુચ્છબી બોલના હોયસો હુયાંઇ બોલ દો!" ડીકટેટીવ ખાતાંના વડા હુસેને કહ્યું અને સોરાબ પોતાનાં માયને અને બેહેનને મળી હજારો આંસુઓ વરસાવી, ઘણાંજ ભારી દીલે છુટો પડયો, જે વખતનો દેખાવ વર્ણવવાને આ નાકેશ કલમમાં મુદ્દલ તાકાત નથી! મેહેરબાઇની ધાસ્તી! નવાઝનું રૂદન! એદલજીનો ગભરાટ અને સોરાબની દલીલો—કોઇનું પણ જીગર પિગળાવે એવી હતી.

બિચારો સોરાબ મુગે મોહોડે કપડાં પેહેરી મળી ભેટી રવાના થવાને શરણ થયો, તેઓએ તેના હાથમાં બેડી ઘોકી અને એક બાજુપરજીડીટેકટીવનો વડો હુસેન અને બીજી બાજુપર ડીટેકટીવ અમીરઅલી, અને આગળ એક ગોરો કૉન્સટેબલ ચાલતો હતો! તેની બ્હેન નવાઝ પોતાના કમનસીબ ભાઇની હાલતપર ઘણોજ વિલાપ કરતી હતી અને પરવરદેગારપાસે પોતાના ભાઇના હકમાં દુવા માગતી હતી. આ કમનસીબ સરઘસ તેણીની આંખો આગલથી ગુમ થઇ ગયું ત્યાં સુધી તેણીએ તે જોયા કીધું.

* * * * * * * *

આપણે ઘણો વખત થયો શેઠે મનચેરજી વકીલને તો તદન ભુલીજ

ગયા છીએ, તેવણ હવે પોતાની દિકરીઓનાં માથાં ધોઈ નાખવાની ઉતાવળમાં હતા. હમણાં તેવણુની પેહેડીનેબી સારો નફો થયો હતો માટે પૈસાની ગરમી ઘણી થઇ હતી. અને સાથે રૂપિયાનો ભાર એટલો તો હતો કે હવે કંઇ પણ સારાં કામમાં વાપરવાની તેમની મરજી બહુ હતી!

તેમનાં ધણિયાણી ધનજીબાઇતો પોતાની દીકરીઓનાં .માથાં ધોઇ નાખવાની ઉતાવળમાંજ પડયાં હતાં, અને તે પ્રમાણે રોજ કાજની કરનારીઓ તેવણુને ઘર માંગાંઓ લઇ આવતી.

વાંચનારને તો રોશન હશે કે હાલના વખતમાં પૈસા 'હોયતો છોકરાઓ મળે અને તેજ પ્રમાણે છોકરીઓનેબી અવતાર,' તેમ રોજ માંગાં આવતાં. આખરે ત્રણે છોકરીઓને પરણાવવાનું નક્કી થયું.

તેવણુની વડી દીકરી શીરીન તેનાજ જેવો કોઈ બીજાજી ને એશક્કા ફાંકડા સાથે અદરાઇ; અને દીનુ તો કોઇ વળી બૅરીસટર સાથે; તે વખતનો તેણીનો મરડાટ જોવા લાયક હતો. અને સઉમાં ગરીબ તો બિચારી પેલી ગરીબ અને અસીલ સાદા કપડાં પેહેરનારી ડોસીબાઇને મળ્યો. તેણીનો ખાવીંદ હતો તો મોટાં લોકનું ફરઝંદ અને સારાં ખાનદાનનો પણ તે તેણીનાજ જેવા સ્વભાવનો અને મિલનસાર હતો. તેઓ સર્વે પોતપોતાને છાજતો ધણી લઇ હરે જલદીથી પરણવાની કુદરતી ઉતાવળમાં પડયાં, અને તેમની એ ઇચ્છા તેમનાં માબાપે પુરી પાડી. એક "સારો દહાડો જોઇ" તેઓની શાદી, જાણીતા 'આલબલેસ બાગ'માં થઇ જ્યારે ઘણું ખરૂં, મુંબાઇનું લોક આવ્યું.

મંચેરજી વકીલનો દીકરો વિકાજી, જે પુને હતો તે પણ આજે પોતાની બેહેનોની ખુશબખ્તી ભરી શાદીમાં ભાગ લેવા આવ્યો હતો. તે હજુ નાનો અને જુવાન વયનો હોવાથી તેની વાત પડતીજ નાખી હતી, અને ખરૂં પુછાવો તો તેમ કરવામાં મંચેરજી શેઠ ખરા હતા.

અને ત્રણ બેહેનો સામઘુમથી 'હોલીમાં હોમાઈ' અને 'વહુ આવીરે વહુ ભલેરે આવી?' ના રાગડા ગાતાં તેમને વિદાય કરી મંચેરજી અને ધનજીબાઇજી પોતાને ઘર પરવારી આવ્યાં.

પ્રકરણ પંદરમું.

—:o:—

" વકીલની સલાહ "

ફીરોઝને સોરાબના કેદ પકડાવાની ખબર નવાઇ જેવી લાગી અને સંમજતાં વારજ તે ચમકયો, કેમકે જ્યારે સોરાબ એને ઘરથી ગયો ત્યારે તો સારા વિચારો સાંથ નિકળ્યો હતો અને પછી ખુન કીધું એ વાત તેનાં ધ્યાનમાં ઉતરીજ નહીં, તોપણ એ ખરી કેફિયત જાણવા અને ધારાના હિમાયતીની સલાહ લેવાને વાજબી ધારી ગાડી જોતરાવી નિકળ્યો. તેણે કોચમેનને કોટમાં બૅરીસતર જોનસન, જે પોતાની કાબેલિયત માટે મુંબઇમાં ઘણોજ વખણાયો હતો તેની ઑફીસ આગળ હાંકવા કહી, પોતે વિચાર કરતો બેઠો.

તે સોરાબને ખાતર આટલું બધું શું કામ કરતો હશે? તેનો જવાબ ઘણોજ સેહેલો અને દેખઇતોજ છે કે પેલી ખૂબસુરત નાજનીન અને 'મુંબઇ શેહેરનું રતન' નવાઝને ખાતર!

ફીરોઝનાં દિલમાં નવાઝના પ્યારનો આતશ જળતો હતો, પણ એકમેકની શરમને ખાતર પોતાનો વિચાર એકમેક આગલ ખુલ્લો કરતાં કુદરતીજ તેઓ અચકાતાં તેમજ શરમાતાં હતાં! ફીરોઝ નવાઝના અને તેણીની હાલતના અનેક વિચારો કરતો હતો જેવામાં ગાડી મી૦ જૉનસન બૅરિસતરનાં બારણા આગળ આવી ઉભી. ઑફીસના સિપાઇને પુછતાંજ જણાવ્યું કે મી૦ જૉનસન, ઑફીસમાંજ છે.

"હાલ્લો, મી૦ ફીરોઝશાહ, કેમ છેઓ?" મી૦ જૉનસન, જે ફીરોઝને પિછાણતો હતો તેણે એક ખૂરસી આપતાં પુછયું.

"સારી પેઠે, મી૦ જૉનસન!" ફીરોઝે વલતો જવાબ આપ્યો. હવે હું તમારી આગળ એક મોટું કામ લઇ આયોછ, જે તમે પાર પાડશો તો તમારી કિર્તિમાં ખરેખરો ઉમેરો કરશો." ! ફીરોઝે કહ્યું.

"તે શું પેલા એદલજી મીસતરીના છોકરા સોરાબના કેસનું કે?" મી૦ જૉનસને ન્યુસમાં કેસ વાંચ્યા પરથી અટકલ કીધી.

"હા, તમે કેમ જાણ્યું? તમે શું મી૦ એદલજીની ફેમીલીને ઓળખોછ?" ફીરોઝે સવાલ પૂછ્યો.

"નહીં, નહીં, મી૦ ફીરોઝશાહ હું તો ન્યુસમાં વાંચ્યા પ્રમાણે અટકલે બોલ્યો અને તે અટકલ ખરીજ થઇ; પણ મી૦ ફીરોઝશાહ, એ કેસમાં બંધવો જીતે એમ તો હું આશા રાખતોજ નથી, કેમકે જે વખતે મરનાર અને બંધવા વચ્ચે મારામારી થઇ ત્યારે ત્યાં બીજું કોઇ નહતું તમે જાણોછ કે! એ બધું સામટી રીતે જોતાં મારૂં તો એવું મત છે કે બંધવાને બંચાવવો એ બહુજ વિકટ કામ છે! તોપણ તમારી પાસે કંઇ એની તરફેણની સાક્ષી મોજુદ છે?" મી. જૉનસને પોતાનો ખુલાસો કહી સંભળાવી.

"પણ મી૦ જૉનસન, શું એવું કંઈ નહીં પુરવાર થાય કે પેલો પાલી પોસાગીર આ ખુનમાં સામેલ થયો હોય અને તેણેજ આ ખૂન કીધું .કારણ કે બંધવો એટલો તો પોચા મનનો છે કે તેનાથી કદીપણ ખુન જેવો જબુન અપરાધ થાયજ નહીં." ફીરોઝે અટકલ કરી સવાલ પુછ્યો.

" તે ક્યારે પુરવાર થાય કે જ્યારે કેસ કંઈ બીજી વળાણુ પકડે અને પાલી પોતાની જુબાનીમાં લથડી પડે; તો પછી હું તે મૂજબ કરૂં. પણ હું નહીં ધારતો કે તેમ થાય. એવું કંઇ થવું જોઇએ કે બંધવા તરફથી કોઈ સારો સાક્ષી આવે: તે છતાં પણ મી. ફીરોઝશાહ એ બાબદ વિષે વિચાર કરી તમને જવાબ આપીશ અને તમો કોઇ શાક્ષીની શોધમાં રહો, અને બધી ખોળો ચલાવો!" મી૦ જોનસને પોતાની સલાહ કહી.

"વારૂં, ત્યારે હમણાં તો હું જાઉં અને ખોળ કરૂંછ; સાહેબજી" ફીરોઝ સલામ કરી ચાલતો થયો.

ત્યાર પછી કોચમેનને શેર-બજાર આગળ ગાડી હાંકવા કહી ગાડીમાં બેઠો. તેની મતલબ સોરાબના પિતા એદલજીને મુકદમાને લગતી કેફિયત કહી સમજાવવાની હતી. ગાડી જ્યારે શેર-બજાર આગળથી પસાર થતી હતી ત્યારે ફીરોઝની નજર એદલજી ઉપર પડી, માટે ગાડી એક બાજુ પર ઉભી રાખી તેમને ગાડીની અંદર લીધા.

"કેમ પીરોશા શેઠ, કંઇ ગરીબનું કામ પડયું?" એદલજીએ ગાડીનું બારણું બંધ કરતા પૂછ્યું.

"નહીં મી૦ એદલજી હું તો તમને પુછવા આયોછ, કે તમે કંઇ સોરાબને વાસ્તે કીધું કે નહીં?" ફીરોઝે કહ્યું.

"ખોદાને ખાતર એ પોરિયાની મારી આગળ કંઈ વાત ના કરતા! એણે મારૂં નખોદ વાળ્યું!" એદલજીએ કચવાઇને કહ્યું.

"કાંય, પણ એમ શું કામ કરોછ! તમે ના કહેશો તોપણ એ તમારો દિકરો તો છેજ." ફીરોઝે વાજબી કહ્યું.

"નહીં હું કદી નહીં કબૂલ કરૂં, હવે મને મોહોલ્લામાં ને આ બજારમાં ચાલવાનું ઘણુંજ ભારી પડેછ! એ પોરિયાએ મારા ધંધા, મારી આબરૂને, ને છેલ્લે અમારૂં ગરીબ ઘર ખરાબ લોકો આંગલી બતાવે તેવું કીધુંછ!" એદલજીએ આંખમાથી આંસુ લાવતાં કહ્યું, જેથી ફીરોઝને પણ લાગી આવ્યું.

"પણ એદલજી તમે શું કામ એમ કરોછ? એક છોકરો એવો ખરાબ નિકળે તેમાં શું વાંક તે બાપનો કે?" ફીરોઝે સબ્રિયારો આપ્યો.

"પણ લોકો બુરૂં કોણને કહેશે શેઠ? કોઇને નહીં પણ મને." એદલજીએ આંસુઓ લુછતાં કહ્યું.

"તમે એનીપર નહીં તો એનાં માતાજી પર દયાં કરો! તેવણ તમને

એમ ગુસ્સે થયલા જોઇ કેટલાં દલગીર થતાં હશે, ને વગર ફોકટમાં તેવણના હકમાં ઘણુંજ ખરાબ થશે!" ફીરોઝે દયા બતલાવી કહ્યું.

"હવે મારો વિચાર મુંબઇ સદા સુધીનું છોડી કોઇ એકાંત ગામમાં પડવાનો થાયછ, કેમકે મને તો આ મોટાં શેહેરમાં એ દુકતાને લીધે ચાલવું ઘણુંજ બારી પડેછ. સાહેબ, તમે માનતા હોવો તો માનજો કે હું ગમે તેવો ગરીબ છેઉં તોબી મારી આબરૂનો ભુખો છું." એદલજીએ લગાર મક્કમ મને કહ્યું.

"મેં એક બૅરીસતર સોરાબ તરફથી રોકયોછ." ફીરોઝે કહ્યું.

"અરે મારા મેહેરબાન! અમે તમારી આગલ ઘણાંજ શરમીંદા છીએ, તમારો આભાર અમારી ઉપર ઘણોજ છે!" એદલજીએ શરમાઇને કહ્યું.

"એદલજી શેઠ, તમે તમારી લાયકી બોલોછ; મી૦ જૉનસન બૅરીસટર વિષે તો તમે સમજ્યુંજ હશે." ફીરોઝે પુછ્યું.

"હા વલી તેનાથી સરસ હાલમાં બીજો કયો મળશે? ચાલો શેઠ જ્યારે તમે એટલી મેહેરબાની કીધીછ ત્યારે તો હું ધારૂંછ કે એક કમનસીબ છોકરાનું કંઇ થશે" એદલજીએ પોતાના દીકરાની સેહેજ દયા ખાતાં કહ્યું.

"બીજું કંઇ પુછવુંછ, મી૦ એદલજી?" ફીરોઝે પુછ્યું.

"નહીં, સાહેબ મહેરબાન!" એદલજીએ શેકહૅન્ડ કરી બારણું ઉઘાડી જતાં કહ્યું. અને ફીરોઝ પોતાને બંગલે ગયો. તે ઘર આગળ આવી ખાઇને સુઇ ગયો અને પછી ઘરમાંજ સાંજના પણ રહ્યો, અને ફરવા જવાને બદલે પોતાના મોટા બગીચામાં ઝાડપાનોની આસપાસ ફુલોનો સુંદર સોહોડમ લેતો ચાલતો હતો. સાંજે તે સાત વાગતે પોતાનાં ઘરમાંથી છુપા દ્રેસે વિલર ડોસાના ઘરની પાસેના પીઠામાં, જ્યાં પેલા લુચ્ચા પોશાગીરો હંમેશ આવી બેસતા હતા ત્યાં, કંઇપણ ગળ લાવવા ખાતર જવાનો હતો અને તે પ્રમાણે રાતના સાત વાગતે ખાઇ, લગાર દારૂ પી, મુસલમાની

વેશ લઇ બહાર નિકળ્યો. પીઠામાં જાયે ત્યારે પારસી લેખાશે કંઇ ફાવે નહીં તે માટે મુસલમાનનો દ્રેસ ફીટ કરી, તે પેહેડી પરેલ તરફ પોતાનાં કદમો ફેરવ્યાં!

રાત ચાંદરણી હતી અને શિયાલાનો વખત હતો; ફેબરવારી મહિનો હોવાથી ઠંડી પોતાના પુર બાહારમાં હતી અને સૂરજ પોતાની આખા દહાડાની મુસાફરી પુરી કરી આશાયશ લેવા ઘણો વખતનો ગયો હતો, જેની જગો ચાંદરણીએ લીધી હતી! ફીરોઝ હજારો વિચાર કરતો પેલાં પીઠાંથી થોડે દૂર એક ઝાડીવાળા રસ્તા પર આવી લાગ્યો, જ્યાં તેની મોટી અજાયબી વચ્ચે અને ચંદ્રમાની રોશનીથી બરોબર જોયું તો નવાઝ કોઇ મરદ સાથે ગુસ્સામાં વાત કરતી હતી! તે મરદ કોઇજ નહીં પણ મંચેરજી વકીલનો દિકરો વિકાજી હતો, જેને ફીરોઝ સાથે તેની બેહેનનાં લગ્ન વખતેજ ઓળખ થઇ હતી! ફીરોઝ તો આ જોતાંજ દંગ થઇ ગયો, પણ એથી વધારે તો જ્યારે વિકાજીએ નવાઝને ચુમી લીધી, ત્યારે ફીરોઝના આંગમાંનું લોહી ઉકળાયું! તે તો એક પૂતલાંની માફકજ જાણે આ એક મોજેજો હોય તેમ નિહાલતો પોતાની જગો, જે તેઓ જોઇ શકતાં ન હતાં, ત્યાં ઉભો! તેઓ થોડે દૂર હતાં, તેથી ફીરોઝ તેઓની વાત મુદલ સમજી શકતો ન હતો, તોપણ એટલું તો ખરૂં હતું કે વીકાજી નવાઝને જોર જુલમથી ચુમી લઇ ત્યાંથી ચાલી ગયો, અને નવાઝ પણ જલદીથી બીજે રસ્તે પોતાને ઘર જતી રહી, જ્યારે ફીરોઝ પોતાની પક્કી ખાતરી કરવા તેણીની પછવાડેજ ગયો કેમકે તેને હજુ શક હતો કે પેલી બૈરી નવાઝ નહીંજ હોવી જોઇએ પણ જ્યારે તેણી એદલજીનાં ઘરમાંજ ચહડી ગઇ ત્યારે તેની પુરી ખાતરી થઇ!

પ્રકરણ સોલમું.

—:o:—

'પેલા પારસી' સાથે ગુફ્તેગોહ.

શીરીન રતનબાઇની રજા લઇ જ્યારે બાગમાં ફરતી હતી ત્યારે તેણી પેલા પારસીનોજ વિચાર કરતી હતી, કે જેને જોવા ખાતર તેણીનાં મગજ એટલાં બધાં ખંતી અને આતુર હતાં; તેણીને એ માટે ઘણોજ શક ઉત્પન્ન થયો, તેણી ખંતથી પેલા પારસીની ખોળમાં ફરી. સાંજ પડેલી હતી અને શિહા રાતની ચાદર આસ્તે આસ્તે ખલકત પર પંથરાતી હતી જ્યારે શીરીન પોતાના નાજુક પગલાં બાગના પાછલા ભાગ તરફ પોતાની મેહેનતથી ઉગાડેલાં ઝાડો તેમજ છોડવાઓ નિહાલતી, લગાર મનમાં મગરૂબી લેતી જે જગોપર તેણીને અકસમાત થયો હતો તે જગો પર ચાલી. દરવાજા આગલ નજર કરતાં તેણીએ કોઇ માણસને દરવાજાના થાંભલાને અઢેલી બેઠેલો જોયો. પેહેલ વેહેલાં તો તેણી કોઇ મરદની આગલ જતાં શરમાઇ તોપણ જ્યારે તેણીને પેલા પારસીની વાત યાદ આવી કે તરતજ તે પેલા ગયર મરદની આગળ ગઇ.

તે શખસ એક પારસી હતો; તે બિચારો ગરીબ અને હજારો દુઃખો ખમેલો પણ ચાલાક, ઉમરે પુગેલો હતો. તેના ડીલમાં કાળો સકલાતનો દગલો પેહેરેલો હતો જે સઘળો ધુલથી તેમજ ઘણી વખત પેહેરાયલો હોવાથી ખરાબ થઇ ગયો હતો; પગમાં અડધે પગનાં બૂત પેહેરેલાં હતાં તે પણ લગાર ફાટેલાં હતાં; માથાં પર બાંધેલી પાઘડી

પેહેરી હતી; સઘલો દેખાવ અને પોશાક ગરીબાઇનો ચિતાર આપતો હતો. તોપણ તેના ચેહેરા પરથી પ્રગટ થતું હતું કે તે બિચારો પણ ગરીબાઇથી નાચાર થયો હતો.

આ સઘળું શીરીને એક આંખના પલકારા સમેટ જોઇ લીધું. ઉપલા પારસીને થેબિયા હતા અને દરેક રીતે રતનબાઇએ વર્ણવેલોજ પારસી લાગતો હતો, માટે તેણી લગાર હિમ્મતથી ઉભી.

"બાઇ પુછવાની રજા મળે તો હું તમને બે બોલ પુછું ?" પેલા પારસીએ રજા માગી.

"જી હા પુછોની ?" શીરીને મલાહજા સર ઉભી રેહેતાં કહ્યું.

"ત્યારે બાઇ તમે આજ બંગલામાં રહોછ કે ?"

"જી હા !" શીરીને ટુંકમાં કહ્યું.

"તમે રતનબાઇનાં શું સગાં થાવો ?" તેણે પુછ્યું.

"જી, તેવણ મારાં મમઇ થાય !" શીરીને કહ્યું.

"નહીંજી, તમે ભુલોછ, તેવણ તમારાં મમઇ નહીં પણ ફુઇ થાયછ, તમારૂં નામ શીરીનબાઇ કેની ?" પેલા પારસીએ પોતે જાણે શું એક કામ કીધું હોય તેમ લગાર મગરૂરી લેતાં કહ્યું.

"જી હા મારૂં નામ શીરીનબાઈ છે, તે તમે કેમ જાણો ?" શીરીને લગાર અચરત થતાં પુછ્યું.

"તમારા બાવા છે કે નથી ?" તેણે વાતમાં રસ લેતાં પુછ્યું.

"જી નથી !" શીરીને ના કહ્યું.

"વારૂં, તમારા બાવાનું નામ નસવાનજી મેરવાનજી બેલાબોઘાના ?" લગાર હસીને પેલા પારસીએ પુછ્યું.

"હાજી !" શીરીને દલગીર થતાં કહ્યું.

"વારૂં તુમે હવે એક મારૂં કામ કરશોજી ? હું આજે પંદર દહાડા થયાં અહીં ભટકુંછ પણ મારી આશા બર આવતી નથી ! તમારે

ત્યાંની પેલી ચાકરડી કુમલી પાસે મેં રતનબાઇ પર કંઈ કેહેવાડયું હતું પણ હું નહીં ધારતો કે તેણીએ તેવણને કહ્યું હોય." પેલા પારસીએ ઉડાસ મોહોડે કહ્યું.

"જી હા એમતો છેજ, એ ઘણીજ ખરાબ અને લુચ્ચી છે. કો-ઇબી દહાડે તમે એની પર વિશ્વાસ મૂકતા ના!" શીરીને કુમલીની કૅરૅકટર કહી.

"વારૂં ત્યારે તમે તે કામ કરશો?" પેલાએ લગાર આતુરતાથી પુછ્યું.

"જી હા કાંય નહીં" શીરીને ખુશી બતાવી.

"ત્યારે તમે એમજ કેહેજો કે પેલો રસ્તામાંનો પારસી તમને મળવા માંગેછ!" તેણે કહ્યું.

"પણ તમારૂં નામ શું તેજ કહોની એટલે તે નામ હું કહીશ." શીરીને વાજબી કહ્યું.

"નહીં બાઇ તમે નામ કેહેશો તેનાં કરતાં મને એ નામે વધારે જલદી ઓળખશે, માટે તમે મેહેરબાની કરી એમજ કહેજો!"

"પણ તમારૂં નામ કેહેવામાં કંઇ અડચણ છે?" શીરીને સ-વાલ પુછયો.

"જી હા, બસ તમે એમજ કેહેજો કે તમને એક 'રસતામાંનો પારસી' મળવા માગેછ, જો બહેન તમે મારૂં એટલું કામ કરશો તો હું તમારૂં ભલું કરવાને ચૂકીશ નહીં અને જનમ સુધીનો તમારો આભારી રહીશ. મને બસ એ બોલ કહેવાછ, બીજું કંઈ નથી!"

"વારૂંજી મને કંઇ અડચણ નથી હું તો કહીશ. તમે અહીં આજે રાતના બરાબર નવ વાગતે આજ દરવાજા આગળ ઉભા રેહેજો, હું તમને આવીને જવાબ કહીશ. જો જરા મોડું થાય તોબી થોભજો. હું હમણાં તો જાઉંછ." શીરીને જતાં કહ્યું અને પેલો રસ્તામાંનો પારસી પણ ગયો.

પ્રકરણ સત્તરમું.

—:0:—

મેહેરબાઇનું મરણ !

જ્યારે નસીબ દેવી કોઇની ઉપર પણ રૂઠે છે, ત્યારે તેનો ખીલો-ઉપાડ કરે છે, તેમ જ્યારે બિચારા એદલજી મીસતરી પર નસીબ દેવી પ્રસન્ન થયલી હતી, ત્યારે બબે ઘોડાની ગાડીમાં ફરતા હતા, પણ જ્યારે તેવણપર રૂઠી ત્યારે કોઇ વેળા ખાવાના પણ વાખા પડતા હતા અને તે સાથે તેવણના ઘરમાં આજે મોતે પોતાનું કાળું નેહેસ્ત કદમ નાખ્યું.

બિચારાં મેહેરબાઇ સોરાબના મળાપા અને ઝુરાપાથી દુ:ખમાં ગ-ળાતાં હતાં ! તેમાં આ વખતના સોરાબના કાકાભાઇના ખુનનાં વાકસર કેદ પકડાવાની ખબર સાંભળતાંજ વિજળી પેરે અસર થઈ, અને મોતને બિછાણે પડયાં. સૌમાં બિચારી મેહેનતુ અને સદ્ગુણી નવાઝની મેહેનત ઘણીજ હતી; તેણી પોતાની ગરીબ અને દયાળુ માતાની માવજત અને મદારત કરતી હતી. ચાર દહાડા સુધી આખી રાત ખડે પગે બિછાણા પાસે ઉભી રહી, પણ ફોકટ ! અંતે આ દુ:ખી ઘરને વધારે દુ:ખી કરવાને, જમના ઘાતકી દેવે પોતાનું નેહેસ્ત કદમ ઘુસાડી દુ:ખનો કદીમણ નહીં ભુસરાય એવો મજબુત છાપ, એદલજી તેમજ નવાઝપર માર્યો. મેહેર-બાઇએ પોતાના અંતની છેલ્લી પળે પણ સોરાબને યાદ કરી પોતાનો પ્યારો જાન તે કિરતારને હવાલે કીધો !

એ વખતનો દુ:ખનો દેખાવ કોઇ પણ સાધારણ દિલનાં માણસનું હેયું પિગળાવવાને બસ હતો ! નવાઝનું છાટી ફાડી નાખે એવું રૂદન, અને

એદલજીનું માહેતમ ભરભાડુતોની આંખમાંથી પણ નવધાર આંસુઓ રેડાવતાં હતાં! દરેકની લાગણી એદલજી તેમજ નવાઝ તરફ હતી. સૌ કોઇ 'બિચારી માય વગરની' નવાઝનું માથું પોતાની છાતીમાં દાબતું અને તેણીને સધિયારો આપતું! પાયદસ્તની વખતનો માહેતમ ભર્યો દેખાવ, કે જે વખતે એદલજી બેસુદ્ધ થઇ ગયા હતા અને નવાઝ છેલ્લી ઘડીએ સેજદો કરવા આવતા માટીડાઓનું પણ દીલ પિગળાવી આંસુઓ પડાવતી. 'માયજી હું તમુને હવે મળસ કે? અરરરર! સોરાબની હવે દયા કોણ ખાશે? માયજી આ તમારો મરવાનો વખત હતો?' ઇત્યાદી, દયાજનક સાહાદે બોલતી, કે જે બધું ઉતારવા અને સઘળું વર્ણવવાને આ અદના કલમમાં જોર નથી! ફિરોઝને નવાઝના દરેક શબ્દ તીર સમાન લાગતા હતા, અને તે પણ રડતો હતો.

* * * * * *

આ બનાવની બે દિવસ અગાઉ વિલર ડોસાંના ઘરથી થોડે દુર વિકાજીને નવાઝ સાથે અઘટીત ચાલ ચલાવતાં જોઇ આવ્યા પછી ફીરોઝ બહુ દલગીર થઈ ગયો. તેણે નવાઝ વિશેની પોતાની સઘળી હોંસ અને આશા ભંગ થયલી જોઇ અને જે મકસદે બીજા પોષાકમાં આવ્યો હતો તેપણ ભુલી જઇ તેજ જગોપર દિવાનાની માફક પોતાની ચશમો ટીકટીજ ઉભો, કેમકે તે નવાઝને જેટલી ખુબસુરત અને ચેહેરેવંત જોતો હતો તેટલીજ પાક સમજતો હતો, પણ તેવા વિચારમાં તે કેવો ઠગાયો હતો?

"ઓરત જાત જેટલી બેવફા છે તેટલી બીજી કોઇ નથી; મરદો ગમે તેવા પણ પોતાના પ્યારમાં સાચા અને જેઓ તરફ પોતાનું મન દોડાવે તેજ ઓરતને પોતાની મોહોરદાર તરીકે રાખે છે પણ તેથી ઉલટું બેવફા ઓરત જાત પોતાનું છાલકું મગજ દોડાવી પોતાના પરણેતરને છોડી બીજાને પોતાનો પ્યાર આપે છે અને તેજ 'નવાઝ જેવી એક સદ્‌ગુણી અબલાના 'બાબમાંબી બન્યું" ફીરોઝ બબડયો, પણ તેમાં તે

થઇ હતીજ નહીં કેમકે બેઉએ પોતાનો પ્યાર એકમેક આગલ જાહેર કીધો હતો નહીં.

ફિરોઝ દલગીર થતો અને મનમાં મુઝાતો પોતાને ઘર ગયો અને મુસલમાની વેષ કાહાડી બિછાણાં પર ઠાકેલા આંગને આરામ આપવા, સુઇ ગયો. સહવારે સકકારે ઉઠી ઘોડા પર બેસી ચરનીરોડ તરફના દરિયા તરફથી ઘોડો દપતાવતો દપતાવતો કોલાબા તરફ ફરવા ચાલ્યો.

ચર્ચગેટ તરફ આવ્યા પછી તે ઘોડાને આસ્તે આસ્તે ચલાવતો હતો, જ્યારે સામેથી વિકાજીને મરીનલાઇન્સ તરફ જતો જોયો. તેઓ જ્યારે છેક આગળ આવ્યા ત્યારે બેઉ હરિફોની આંખો એકમેકસે મળી અને ફિરોઝની આંખમાં ગુસ્સાનો આતશ ચમકયો, જ્યારે વિકાજી તો તદન્ શાંત મિજાજમાંજ હતો.

"કેમ પીરોશા શેઠ ક્યાં ચાલ્યા ?" વિકાજીએ ફિરોઝને પુછ્યું કેમકે ફિરોઝને તેની બેહેનોના લગ્નમાં મળ્યો હતો ત્યારથી ઓળખતો હતો.

"કોલાબા તરફથી ફરીને હવે ઘર જઇશ" ફીરોઝે ગુસ્સામાંજ કહ્યું.

"કેમ શેઠ કંઇ ખૂબ દમમાંજ વાત કરોછ ?" વિકાજીએ પોતાના હંમેશના હસમુખા સ્વભાવ પ્રમાણે પુછ્યું, પણ વાંચનારને તો સારી રવેશે રોશન છે કે ફીરોઝ શાને વાસ્તે વિકાજી તરફ ગુસ્સાની નજરે જોતો હતો.

"વિકાજી, તુમે ઘણી ખરાબ ચાલ ચલાવોછ!" ફીરોઝે કહ્યું.

"એ વળી શું તમે ભેંજામાંથી કાહાડયું."

"તમે એવી ચાલ ચલાવોછ કે ખચિતજ તમારા બાવાના નામને તેમજ તે છોકરીને પણ લોકોમાં ખરાબ લાગે અને નિચું જોવું પડે !" ફિરોઝે વાતમાં રસ લાવીને કહ્યું. વિકાજી પોતાની તરકીશ કેપ સરખી કરતો બોલ્યો, "પીરોશાહ, તમે એ શું ભરમમાં બોલ્યા કરોછ ? જે હોય તે ખુલ્લું કરોની, શું ખરાબ લાગે ? હું એવું કશું કરતો નથી જેથી મારા બાવાને ખરાબ લાગે !" વિકાજી લગાર ગુસ્સાથી લગામ ધીલી મૂકી બોલ્યો.

પ્રકરણ અઢારમું.

—:0:—

" નાનાવટીની સુના "

વાંચનાર કુદરતીજ સવાલ કરશે કે નાનાવટીની સુના તે કોણ હશે ? સુના તે હતી કે જેણીને ખાતર સોરાબને ઘણું ખમતું પડયું અને અને જેણીને ખાતરજ એક ખુન પણ થયું જે આપણે ઉપલાં પ્રકરણોમાં જોઇ ગયા છીએ.

નાનાવટીની સુના આશરે વીશ વરશની ખુબસુરત ઉધરતી અબળા હતી; સોરાબ તેણીની સાથે પ્યારમાં પડયો હતો તે ખરી ખુબસુરતી જોઇને અને નહીં કે પૈસા જોઇને. નવાઝની ખુબસુરતી સુના કરતાં પણ સુંદર હતી, પણ વાંચનારી આલમને રોશન હશે કે આજે પૈસા ખુબસુરતીમાં ઓર ઉમેરો કરે છે અને તેવુંજ સુનાના બાબમાંબી બન્યું હતું.

નાનાવટીની સુના કલકત્તા શેહેરમાં તેણીના માબાપની સાથે મોટા મેહેલ સરખા એક બંગલામાં રેહેતી હતી. તેણીના બાવા પેસતનજી પૈસાવાળા અને તેથીજ આબરૂદાર ગૃહસ્થ હતા. તેવણુની કલકત્તા શેહેરમાં મોટી મીલકત હતી તેવણે બધો પૈસો મીલકતમાજ રોકયો હતો અને આવા એક લક્ષાપતીની છોકરી સાથે સોરાબ જેવા એક ગરીબનો દિકરો પ્યારમાં પડયો હતો!

અગાઉ જ્યારે સોરાબ ઘણોજ નાનો હતો ત્યારે સુનાના માબાપ મુંબઇ શેહેરમાં વસ્તાં હતાં અને તેણીના અને સોરાબના બાપને એકમેક સાથે બહુજ દોસ્તી હતી. તે વખતે સોરાબના બાપનું પણ ઠીક ધીકતું હતું અને તેનો પૈસો પણ લાખે અંકાતો હતો, ત્યારે તેઓ બન્ને નાનાં સાથે રમતાં હતાં. જ્યારે સોરાબ અને સુના જવાનીના બહારમાં

"તો બીજું શું ? એ જો ઘરમાં આયો તો જાણજો શીરીન માએ, કે તમારા ને મારા બાર વાગવાના ! હું તો કોઇને ઘેર વહીતરૂં કરીનેબી પુરૂં કરશ, પણ તમે કાહાં જશો તેનો કંઇ વીચાર કીધો ? વાસ્તે ઓલાને ખાતર એ મુવા માંજરા દોરાવાલાને ઘેરમાં ઘુસવાની ટક આપતાંજ ના !" કુમલીએ પોતાની કાતર સરખી જીભલી ચરચર વાપરી કામ કાહાડી લીધું.

"વારૂં તારે એને કેમ કહાડયે, મને તો કંઇ રસ્તો આવરતોબી નથી." શીરીને અશક્યતા બતાવી.

"હા તે કામ મારૂં. હું તમુને કહું તે ખુબ ધ્યાન દઇ સમજો ! હું કામ જે કેવશ તેમાં તમુનેબી જરા ધાસ્તીમાં ઉતરવું તો પરશે પણ હિંમત રાખશો તો ઘણીજ સેહેલાઇથી પાર પડશો !" કુમલીએ તરકતો ચાલુ કીધાં.

"વારૂં તે શું છે તે તો કેહે ?" શીરીને ઉંચકાતી છાતીએ પુછ્યું.

"જોવો, તમે જઇને પેલા મુવાને કેહેવો કે હું તો રતનબાઇ આગલ જઇ આવી ને તેવણ તો તમુને મળવા ના કેહેછ, ને પછી એમબી કેહેજો કે બાઇ ઘણાંજ ગભરાયછ, દાકતર આશાબી નથી આપી ગીઓ, ને રાત કાહારે તો ભાયગ, વાસ્તે એવા વખતમાં તમે તેવણ આગલ આવશો તો હેબતીને તરતજ મરી જશે !" કુમલીએ પાત્યું બરાબર ગોઠવ્યું.

"પણ તે આવવા હથ લેશે તો પછી આપરે શું કરશું ?" શીરીને બીહતાં બીહતાં પુછ્યું.

"અરે એ મુવાને આવવા તો દેવો, મેહેલાં તો એને ઓસરી પરજ નહીં ચહડવા દઉં તો એ તેવણ આગળ તે કેમ જશે ? તમે શું કામ બીહીવોછ? હમણાંજ હું માલીને કેહુંછ કે બેઉ તરફના દરવાજા બંધ કરી કોઇને બી બાગમાં આવવા નહીં દે." પોહોંચેલ કુમલીએ સિફત વાપરી.

"વારૂં ત્યારે હું જાઉંછ ને એ પ્રમાણે કહુંછ" શીરીને કોચ પરથી ઉઠતાં અને સાડીની સોર બરોબર કરતાં કહ્યું, અને પછી બારણું ઉઘાડી બાગના પાછલા ભાગ તરફ જ્યાં પેલો 'રસ્તામાંનો પારસી' ઉભો હતો તે તરફ જઇ લાગી.

"હું તેવણુને કહી આવી પણુ તેવણુ તો સાંભળતાંને વારજ ચીરડાઇ ગયાં ને કહ્યું કે મને હવે એનું મોહોડું જોવુંજ નથી!" શીરીને તેની આગળ જતાં કહ્યું.

"એ તમે સાચું કેહેવોછ કે બાઇ? ખોદાને ખાતરૂ મારૂં કામ બરોબર કરો, નહીં તો તમુને ઘણું ખમવું પડશે!" પેલા પારસીએ શીરીનના ફરેબ બનણી લઇ કહ્યું.

"તેવણુ ઘણુંજ ગભરાયછ અને રાત કાહાડે તો અમારૂં મોટું નસિબ ને તેવા વખતમાં જો તમે આવશો.તો ખચિત તેવણુ મરી જશે!" શીરીને બીહતાં બીહતાં ઉસતાદ કુમલીનાં મકકર ચલાવ્યાં, પણુ તેણીના જેવી સિફત અને તાલ તો તેણી લગાવી શકીજ નહીં.

"હવે બસ કરો બાઇ. તમો જેવી એક ખુબસુરત અબલા જૂઠું તરકત ચલાવે, એ ઘણીજ દિલગીરીની બિના છે. એવાં તરકતો પેલી લુચ્છી કુમલી કરે તો તેનેજ છાજે, પણુ તમુને એમ કરવું લાજમ નથી!" પેલા પારસીએ લગાર ગુસ્સાની ઢપે કહ્યું.

"ત્યારે તમે શું મારી ચાલચલણુ શકની નજરે જોવોછ?" શીરાને ઢોંગ કરી પુછ્યું.

"હા હું તેમજ જોઉંછ, કેમકે મેં તમને કુમલી સાથે પેલાં નાકેનાં ઓરડામાં મસલહત કરતાં જોયાં અને તમારી વાતચીતનો ઝીણો સાહાદ પણુ આવતો હતો" તે પારસીએ ભરમ ફોડયો.

"સાહેબ, તમારા જેવા એક માણસે અમારી ખાનગી વાત સમજવી એ ઘણુંજ શરમભરેલું છે!" એટલું બોલી શીરીને ચાલુ મુકયું.

કેમકે તેણીએ વિચાર્યું કે અગર જો તેણી વધુ વાર તકરાર કરશે તો તે-ઓએ માંડેલાં છટકાંનો ભરમ ફૂટી જશે, માટે એટલું બોલી તેણી ઓટલા આગળ આવી, જ્યાં કુમલી તેણીની કાગને ડોળે વાટ જોતી હતી.

"કેમ શીરીનમાય, કામ પાર પાડયું ?" કુમલી તેણીનો ચેહેરો લગાર ખુશ જોઇ બોલી જેથી શીરીને બધી કેફ્યિત કહી. તેણી પોતાની ચેલીને શાબાસી આપતી બોલી, "હવે તમે બાઇ આગળ જઇ તાલથી પેલી ઝેરી દવા પાઓ કે સહવારનાં તો મુવેલાંજ ઉઠશે! પછી આપરે આ બંગલો ને મોટી દોલતનાં માલેક થઇશું ને પેલા મુવાને બાતલ કરીશું !" કુમલીએ પોતાની નીચ નેમ જણાવી.

"પણ કુમલી મારી છાતી તો અત્યારથીજ ધ્રુજેછ! વારૂં પેલી ઝેરની દવાવાલી સીસી પર કંઈ લખ્યુંછ કે ?" નાજુક શીરીને લોભના દરિયામાં ઝીપલાવી પુછ્યું.

"નહીં, હું હમણાં બાઇને ભોણું ખવરાવવા ગઇતી તારે પેલી ઉંઘ આવવાની દવાની સીસીમાં ઝેર નાખ્યુંછ ને તેમાંની દવા ઢોરી નાખીછ! હવે તમે જાઓ શીરીનબાઇ જલદી, હું નિચે ચોકી કરૂંછ ને પેલા મુવાને તો નથીજ આવવા દેવાની !" કુમલીએ કહ્યું અને શીરીન, એક ખુબસુરત જવાન અબલા, આવું એક ઘાતકીકામ કરવા ઉપર દોડી કે જે કામ કરવાને એક સખત છાતીવાળા મરદનેં પણ હૈડું દંખે ! તે ઉપર જઇને જોય છે તો રતનબાઇ હંમેશ કરતાં આજે વધારે સાજાં અને સારી હાલતમાં બેઠેલાં હતાં અને કંઇ વિચાર કરતાં હતાં.

"કેમ મમઇજી, આજે તમે કંઇ ઘણાં ખુશી છો ?" શીરીને વાત છેડી.

"હા દીકરી હું આજે ખુશ છેઉં તો ખરી !" રતનબાઇએ શીરીનને બગલગીરી કરતાં કહ્યું.

"કાંય શું છે ?" શીરીને પુછ્યું.

"આજે મને કોઇ મળવા આવવાનું છે." રતનબાઇએ ખુશી થતાં કહ્યું.

"કેટલે વાગે ?" શીરીને પુછ્યું. "રાતના મોડેથી !" તેવણે કહ્યું.

"ત્યારે તો હમણાં સૂઇ જાવો કે તમુને તમારાં સગાં મળવા આવે તારે હલકાં પડીને સારી રીતે વાત વગત કરો; તેટલાં લેવો, થોડાંક ઉંઘ આવવાનાં ટીપાં પી જાઓ કે જરા જીવ ઠરે ! રાન કુમલી તમુને રોજ ઘણાં ટીપાં આપેછ જેથી તમે ઘણો વાંરવેર સુવો તો એને રાતના ઉઠવું નહીં પરે." શીરીને મક્કર ચલાવ્યાં.

"હા બરોબર છે દીકરી, લાવ જરા આપ !" રતનબાઇએ નિર્દોષ ઢબે હા કહ્યું. તેઓ બિચારાં થોડું જાણતાં હતાં કે તેવણની ભત્રીજી તેવણને ઝેર પાઇ મારી નાખવા માગતી હતી, પણ જ્યાં ખોદાની રાખવાની મરજી હોય છે ત્યાં કાવાદાવા કશા ચાલતા નથી, તેમજ આં પણ બન્યું.

જેવું શીરીને નાનું વાઇન ગલાસ ઝેરથી ભર્યું અને રતનબાઈ લાંબો હાથ કરી લેવા જાય છે તેવાંમાંજ તેવણના ધોલિયાની કુરતનીની અંદરથી કોઇનો ભારી હાથ શીરીનના નાજુક હાથ પર પડી અંદરની ઝેરી વસ્તુ બિછાણા પર ઢોળી નાખી !

"માએજી, તમુને આએ ઓરત ઝેરનું ગલાસ પાયછ !" શીરીનના હાથને જોરથી અફાત મારતાંજ ઉપલો સાહાદ સમજાયો અને રતનબાઇએ મોટી અચરતી વચ્ચે બૂમ મારી:

"કોણ ? કાવસ ! દીકરા કાવસ, મારા દીકરા ! હું તુને મલવાને વાસ્તે ઘણીજ આતુર હતી !" એટલું કહી રતનબાઇ કાવસને વળગી પડયાં અને શીરીન બેસુદ્ધ થઇ એક મોટી ચીચિયારી સમેત જમીન પર પટકાઇ ! બુરાંઓની નેમ, અય ખોદા, એમજ હેથી પાડજે !

પ્રકરણ ઓગણીસમું.

—:o:—

તપાસ.

સોરાબ બિચારો આજે દસ દહાડા થયાં બંદીખાનામાં વિલાપ કરતો હતો. નબળાઇથી તેની આંખોમાં ખાડા પડેલા હતા અને મોહોડું ધાસ્તીથી તદ્દન ઉતરી ગયું હતું. તે આખો દહાડો રડીને કાહાડતો હતો.

નવાઝ જૉનસન બૅરીસતર પાસેથી રજા મંગાવી પોતાના એકપૂરા ભાઇને મળવા જવા માગતી હતી, અને તે ઇચ્છા તુરતજ પુરી પાડવામાં આવી. આજ રોજે સોરાબનો કેસ ચાલવાનો હતો, અને નવાઝ છેલ્લે દહાડે પોતાના ભાઇને હિંમત આપવા આવી હતી. જેલરે બારણું ઉઘાડી આપ્યું અને જેવી નવાઝ અંદર ગઇ કે પાછું બારણું બંધ કરીને તે પોતાને કામે ગયો અને નવાઝ પોતાના ભાઇને જઇ મળી.

“ સોરાબ, આપરાં વહાલાં માયજી ગુજરી ગયાં ! અરે ખોદા ! આ શું સિતમ !” નવાઝે રડતી આંખે દુઃખભર્યા બનાવની ખબર સોરાબને આપી.

“ હેં ! ઓ પરવદીગાર ! આ શું સિતમ ! અરે આ દુન્યામાં મારૂં એકજ વાહાલું અને મારી પર દયા કરનાર હતું તેબી જતું રહ્યું !” એટલું બોલી સોરાબ ભારી લોઢાંની સાંકળે બાંધેલા હાથો મોં પર ઢાંકી, ફોકે ફોક, બચ્ચાં માફક રડવા લાગ્યો, જે જોઇ નવાઝને પણ લાગી આવ્યું અને તેણી પણ દયા આવે એવું મોહોડું કરી રડવા લાગી જે વખતનો દેખાવ એક કસાઇનું પણ સંગદિલ પિગળાવે એવો હતો !

"કેટલા દહાડા થયા ગુજર્યાં?" સોરાબે આંસુઓ લુછતાં પુછયું.

"આજે છ દાહાડા થયા." નવાઝે કહ્યું અને પછી રડી એકમેકની છાતી હલકી કરી બીજીવાત પર આવ્યાં.

"વારૂં નવાઝ, એક મારૂં કામ કરશે?" સોરાબે થોડો વાર રહીને પુછયું.

"હાં કાંય નહીં" નવાઝે કહ્યું.

"ઘેર જઇને એક કાગજ મારી સુના પર લખજે કે હું તદ્દન નિર્દોષ છું ને તું જેમ જાણેછ તેમ તારી બધી હકીકત લખજે ને જે બીજું બધું લખવું હોય તે તું નિરાંતે વિચાર કરી લખજે!" સોરાબે પોતાની સુનાને યાદ કીધી.

"તારા પૈસા છે કે નહી?" નવાઝે પુછયું.

"નહીં બધા પૈસા, મારૂં ઘડિયાલ, જોડા ને જે બધું મારા ગજવાંમાં હતું તે લઇ લીધું!" સોરાબે બલાપો કીધો.

"વારૂં સોરાબ કંઇ નહીં, આજે કેસ ચાલે ત્યારે હુશિયારી પકડજે." આગળ નવાઝ બોલવા જતી હતી પણ તેટલાં તો જેલર આવી પુગ્યો અને વાત કરવાનો વખત પુરો થયલો જાહેર કીધો, અને તેને તાબે થઇ નવાઝ પોતાના ભાઇને બગલગીરી કરી ત્યાંથી ચાલી ગઇ.

સહવારના દસ વાગ્યા અને કૉર્ટમાં ધુમાલ ચાલી રહી. કૉર્ટમાં લોકોની ગીરદી ઠીક હતી, અને એ ગીરદીમાં સામેલ થયલો મોટો ભાગ પારસોનો હતો, કારણ કે આજે એક ઘણોજ અગત્યનો મુકરદમો સાંભળવાનો હતો. જ્યારે કૉર્ટ ભરાઇને ચિકાર થઇ ત્યારે લોકો બારણાની આગળ ઉભું રહ્યું, અને ત્યાં પણ ઉભાઇ ગયું ત્યારે તેઓને હવાલદારો અને સિપાઇઓ ધક્કા મારી નિચે ઉતારવા લાગ્યા. તોપણ તે અધીરાં અને આતુર લોકો કૉર્ટની બાહાર રસ્તા પર પણ બપોરનાં કકડતાં તડકામાં ઉભાં.

સાડા દસનો અમલ થયો અને પેલો કમનસીબ, અને લોકોને મોહોડે ચહડી ગયલો સોરાબ, ગાડીમાં ફિરોઝની સંગાતે આવ્યો, તેની સાથે ગાડીમાં બે કૉન્સટેબલ પણ હતા. અને હાથે પગે મજબુત લોખંડની બેડી હતી. લોકો તેની તરફ ગુસ્સાં યા ધિક્કારની બદલે દયાની નજરે જોતાં હતાં! નવાઝ, તેના બાવા, અને જૉનસન બૅરિસટર સાથે તેનીજ ગાડીમાં આવી પુગ્યા. તેઓને પણ એક ખૂરસી આપવામાં આવી અને તેણીના જમના હાથ પરની ખૂરસી, જે ખાલી પડી હતી તેની પર આપણી વાર્તાનો નાયક ફીરોઝ આવીને બેઠો. પેહેલાં તો નવાઝને જરાક શરમ લાગી પણ પછી આસ્તે આસ્તે તે શરમ ઉડતી ગઇ અને તેણી ત્યાં આવેલાં લોકો તરફ વગર શરમાવે યા ગભરાવે જોવા લાગી.

તેણીનો કમનસીબ ભાઇ બીજા હાથ પર બંધવાનાં પિંજરામાં દલગીર ચેહેરે ચોકી પોહોરા હેઠે ઉભો હતો, તેને પોતાની આંખો જરા પણ આજુબાજુએ ફેરવવા ગમતી ન હતી, તોપણ જ્યારે નવાઝ તેને જોતી હતી ત્યારે જાણે શું એક સધિયારો મળતો હોય તેમ લગાર નિરાંત ઉભો રહેતો.

અગિયાર વાગ્યા અને મૅજીસ્ટ્રેટ સાહેબ આવ્યા, કૉર્ટના દુભાશિયાઓ અને સિપાઇઓએ " ચીપચીપ "ની બુમો પાડી ને મૅજીસ્ટ્રેટ સાહેબની પધરામણી જાહેર કીધી ~~અને~~ લોકોએ ઉભા થઇ માન આપ્યું!

પેહેલી જુબાની લેવાઇ તે કોઇની નહીં પણ પાલી પોલીસગીરની હતી. તે આજે કૉર્ટને માન આપવા ખાતર બદન પેહેરી આવ્યો હતો. તેના માપી હમશંરીકો ઉસમાન ગંદેરીવાળો અને બીજાઓ પણ આવ્યા હતા.

પેહેલ વેહેલાં સોરાબના બૅરીસ્તર મી૦ જૉનસને પાલીને પુછયું:

" તારૂં નામ પાલનજી કે?"

પાલીએ જવાબ દીધો કે " હા સાહેબ !"

" તારો ધંધો શું ?"

" બેઠા બેકાર છઉં સાહેબ !"

" તમે આએ બંધવા સોરાબજીને ઓળખોછ ?" મી૦ જૉનસને સોરાબ તરફ આંગલી બતાવી પુછયું.

" હા સાહેબ, મને એની સાથે દોસ્તી છે !" આ વખતે સોરાબે એક છુપી હાય મારી એવું જણાવ્યું કે એ બોલેછ તે તદન જુઠઠું છે.

" તમને એવણ સાથે કેમ દોસ્તી પડી ?" મી૦ જૉનુંસને તપાસ ચાલુ કીધી.

" અમે સાથે રેહેતા હતા !" પાલીએ ઉડાવ્યું.

" વારૂં તમને અને મરનાર કાઉભાઇની સાથે કાંઇપણ ઓળખાણ યા તો અદાવત હતી ?"

" નહીં સાહેબ !" પાલીએ ટૂંકમાંજ પતાવ્યું.

" જે દિવસે ખુન થયું ત્યારે તમે કયાં હતા ?" મૅજીસ્ટ્રેટે સવાલ પુછયો.

" જી હું બહારકોટમાં મારા દોસતદારને ઘર ખાવા ગયો હતો." પાલીએ તદન જુઠું અડાવ્યું, કેમકે તેણે વિચાર્યું કે જો હું સાચું બોલીશ કે પરેલમાં હતો તો મારી પર તવાઇ આવશે.

" તમે આ સાચું કેહેવોછ કે ?" મી૦ જૉનસને પુછયું.

" જી હા !"

" હું આ સાક્ષીની ઉલતપાલત તપાસ મૂલતવી રાખુંછ." સરકારી વકીલે મૅજીસ્ટ્રેટને અરજ કીધી અને પછી બીજા સાક્ષીને બોલાવવામાં આવ્યો જે એક બુઘો હેલકરી હતો !

" પાંડું ઇથુ !" કૉર્ટના દુભાશિયાએ બુમ પાડી અને કૉર્ટમાં આવેલા સઘળા તમાશગીરોની નજર બારણાં તરફ ખેંચાઇ. આવનાર ઘણી

એક ગરીબ હેલકરી હતો, જે બિચારાએ કૉર્ટને માન આપવા ખાતર પોતાના નાગાં દિલને ઢાંકવા માટે ઢાબળી વિંટાલેલી હતી.

"તારૂં નામ પાંડું ઇથું કે ?" મી૦ જૉનસન પુછ્યું

"જી હા !" તે ઘાતીએ કહ્યું.

"તું આ બંધવા સોરાબજીને અને મરનાર કાઉભાઇને ઓળખેછ કે ?"

"હું મરનારને ઓળખતો નથી પણ આ શેઠને ઓળખુંછ" ઘાતીએ પાલી તરફ આંગળી બતાવી કહ્યું.

"ખુન થયું તે દિવસે રાતના તું કયાં હતો ?"

"જી હું જે જગા પર ખૂન થયું ત્યાંજ નાકા પર બેઠેલો હતો !"

"વારૂ ત્યારે તેં ખૂન થયલું જોયું કે નહીં ?"

"નહીં સાહેબ !"

"વારૂં, ત્યારે તે વખતે શું થયું તેની ખરી વિગત કૉર્ટને કહી સંભળાવશે ?"

"હા સાહેબ !" એટલું કહી તેણે નિચે પ્રમાણે જુબાની આપીઃ—

"રાતે અગિયારનો સુમાર થયલો હતો જ્યારે હું ખુન થયું તે જગોથી નજદીક સો વારને છેટે એક એકાંત જગોમાં સુતો હતો, તે વખતે ચાંદરણું ઘણું પડતું હતું. ઝાડીમાં ખુખડાત થવાથી હું ઉઠ્યો અને મેં બીજી ઝાડીઓની ડાળીઓ વચ્ચેથી જોયું તો પાલનજી કોઇ માણસનાં મુડદાંને દુર પાંખડું પકડી ઘસડી લઇ જતો હતો ! આથી મને ઘણીજ બિહીક લાગી પણ હિંમત પકડી જેમ તેમ જોવા લાગ્યો. તે દુર પેલા મુડદાને મૂકીને પછી જે રસ્તે હું સુતો હતો તેજ રસ્તે પોતાનાં ઘર તરફ જવા ઘસ્યો આવ્યો, જેને જોઇ હું છેક ઝાડની અંદર ભરાઇને સુઇ ગયો. તે બાહાર અજવાળાંમાં આવ્યો ત્યારે તેનાં કપડાં બધાં લોહીથી ખરડાયલાં હતાં. તેણે તરતજ પોતાના

ગજવામાં હાથ નાખી એક નાનું સુનાનું ઘડિયાલ કાહાડયું અને પછી તે જોઇને ત્યાંથી ઝડપથી બિહતો અને સંતાતો કેડે ચાલી ગયો અને હું તે જગોપર ઘણોવાર સુવું સલામત નહીં ધારી ત્યાંથી બીજીગમ જઇ સુઇ ગયો. ”

એ પ્રમાણે તે ઘાતીએ જુબાની આપી. તેણે પોતાનીજ બોલીમાં જુબાની આપી હતી. અને ઘણીકવાર વચમાં તેને મૅજીસ્ટ્રેટ તથા વકીલ તરફથી સવાલો પણ થયા હતા પણ તે સઘળું લંબાણ લખી, વાંચનારનો કિમતી વખત ન રોકતાં ટૂંકમાં અને સમજ પડે તેમ આપ્યું છે.

આ નવા શાક્ષીથી લોકોની દયા સોરાબ તરફ ઘણી ખેંચાઇ અને લોકો તેને નિર્દોષ ધારી લુચ્ચા પાલીનેજ ખરો ખૂની માનવા લાગ્યા, અને તેથી સોરાબપરનું તોહોમત લગાર ઓસરતું ચાલ્યું. તોપણ નવાઝ અને ફીરોઝનું મનતો તેને તદ્દન નિર્દોષ ઠેડવવાનુ હતું

એ પ્રમાણે જૂબાની પડી, અને બીજી છુટક સાક્ષીઓ લેવાયા બાદ કૉર્ટનો વખત થઇ ગયલો હોવાથી કેસ મૅજીસ્ટ્રેટે કાલ ઉપર મૂલતવી રાખ્યો, જયારે પેહલી તપાસ પેલા ઘાતી પાંડુ ઇથુની જુબાની પાછી લેવાની હતી; લોકોપણ પોતપોતાને ઘર જવા લાગ્યું અને નવાઝ પોતાના ભાઇને સધિયારો આપી પોતાના બાપ સાથ ફીરોઝની ગાડીમાં ઘર તરફ ચાલ્યા !

* * * * *

સંપાવાળાઓ હવે પાલીના ઘરમાં પેલા સુનાનાં ઘડિયાલની અને તે ખૂનની વધુ તપાસ કરવા માટે રાતના નવ વાગતે નિકળ્યા.

પાલી વિલર ડોસાંના ઘરમાંજ રહેતો હતો. અને તે બિચારી ડોસી પાલીના ખૂબ ધાકમાં હતી, માટે તેણી આ ઘડિયાલની કેફિયત જાણવા છતાં પણ તેઓને જણાવી નહીં શકી:

રાતના નવ વાગતે હવાલદાર હુસનશાહ, અમીરઅલી અને એક

યુરેપિયન કૉન્સટેબલ છુપા વેશમાં વિલર ડોસાંના ઘર આગળ આવ્યા. બાહારથી બારણુંને તાળું મારેલું હતું પણ બાકાંમાંથી જોતાં માલમ પડયું કે અંદર બત્તિ બળતી હતી જેથી તેઓએ તરતજ બારણાંનું તાળું ભાંજ્યું અને અંદર પેઠા ! આસપાસ નજર કીધી તો કંઇપણુ ન હતું અને સઘળો સામાન છૂટો છવાયો વિખરાઇને પડયો હતો, પણ તે ઘડિયાલની કશી પણ નિશાની માલમ પડતી ન હતી. થોડા વખતમાં તો વિલર ડોસાંજ આવી લાગ્યાં અને પોતાના ઘરમાં મુસલમાનોને આવેલા જોઇ બુમ પાડવા લાગ્યાં.

"ચાલો જાબ્યા મુવા લુચ્છા ! કાયકે સબબ તુમે અંદર આવ્યા, જાઓછ કે નહી ? નહીં તો અભી સિપાઇકુ બોલાવી લાવસ." વિલર ડોસાં છાટો કાહાડી બોલવા લાગ્યાં.

"બાઇ સાહેબ, તુમ જરા સબુર કરો, કિસ લીયે બુમ મારકે ગુસ્સે હોતી હય ! હમ જમાદર હય ઔર પાલનજીકુ લે જાનેકુ હયાં આયે હય!" અમીરઅલીએ કહી સમજાવ્યું.

હવે વિલર ડોસાં મુગાંજ રહી ગયાં, તેવણુ તરતજ ચેતી ગયાં, અને ઓરડામાંની બધી બત્તિઓ બૂજવી નાખી પેલાઓને ગુચવણુમાં નાખી પોતે બીજે બારણેથી બાહાર નિકળી રસ્તા પરથી લગાર, દોડતાં પીઠાંમાં ગયાં. પીઠું હજુ ઉઘાડુંજ હતું અને પાલીના બધા પાપી હમેશરીકો બારણું બંધ કરીને વાતચીત કરી દારૂનાં કોપતાં ચહડાવતા હતા. વિલર ડોસાં તો ઝડપથી પાલીને અંદરથી બાહાર બોલાવી સઘળી કેફિયત કહી સંભળાવી કે તેને સત્તાવાળાઓ પકડવા આવ્યાછ !

પાલી તરતજ ત્યાંથી નાસી ગયો અને રસ્તાપર દોડતાં એટલુ તેણીને કેહેતો ગયો કે "સવારે ઘેરમાં આવીશ" અને પછી પવનની માફક ઉડતો–દોડતો–પડતો–ખડતો નાઠો.

સવાર પડી, દસ વાગ્યા અને છેલ્લે અગિયાર પણ થયા તોબી હજુ

પાલીનો પત્તો કોઇપણ લાવી શકયો નહી. કૉર્ટનું ધ્યાન આ વિષે મી૦ જૉનસને ખેંચતાં કહ્યું:

"નામદાર મૅજીસ્ટ્રેટ, આ ઉપરથી તમારે વિચારવાનું ઘણું સહેલું છે કે પાલનજીએ ખૂન કીધું છે કે નહીં, કેમકે તેની ઘણી શોધ છતાં પણ હજુ નાહાસી ગયેલો મળતો નથી, અને એક ઘડિયાલ પણ ચોરેલું જણાવવામાં આવેછ જેપરથી પુરતું સાબેત થાયછ કે એણેજ મરનાર કાઉભાઇનું ખૂન એક ઘડિયાળને માટે કીધુંજ હશે! એની 'જૅનરલ કૉનડક્ટ' વિષે મારે જણાવવું જોઇએ કે એ એક લુચ્ચો, પોશાગીર છે, તે ભરદિવસે લોકને લુટેછ, અને ઘણી વખત જેલમાં પણ જઇ આવ્યો છે, જ્યારે મારૂં કુલ એક સારા માણસનો અને ગરીબ છોકરો છે!"

"તે હું સૌ સમજું છું. હું ત્યારે એટલું કહું છું કે મરનાર કાઉભાઇનું ખૂન——" એટલું બોલી મૅજીસ્ટ્રેટ સાહેબ એકદમ અચકી ગયા. સઘળા તમાશગીરોની નજર કૉર્ટનાં બારણા તરફ ખેંચાઈ! બારણા આગળ કોઇ બૈરી અંદર આવવા માટે રકજીક કરતી હતી. જ્યારે શીરોઝે એક કાગજના કાપલાપર લખી તેણીને અંદર આવવા દેવા મી૦ જૉનસને આપી ત્યારે તરતજ તેણીને દાખલ થવા દીધી.

તે આવનાર બાઇના દિલપરની સાડી ઘણી ગમથી ફાટી ગઇ હતી, અને માથાંપર મજબૂત તાણીને પાટો બાંધ્યો હતો, જેમાંથી લોહી નિકળતું હતું. તેણીના હાથમાં એક ઘડિયાળ પકડેલું હતું!

ત્યારે એ આવનાર કોણ હતું? કોઇજ નહીં, પણ **વિલર ડોસાં** હતાં! તેણીએ સાક્ષીના પીંજરામાં બેસીને નિચે પ્રમાણે જૂબાની આપી:—

"હું સવારના દસ વાગતે જ્યારે મારાં બારણામાં બેઠી હતી ત્યારે પાલી મારી આગળ આવ્યો. તે ઘણોજ ગુસ્સે થયલો હતો. અને મારી તરફ ઘણોજ કરડા દેખાવથી જોતો હતો. મેં તેને એમ કરવાનું કારણ પુછતાંજ તેણે મને એક જોરમાં માથાંમાં મૂકી મારી, પણ તેમ

કરતાં તેના હાથમાંનું આ ઘડિયાલ (બતાવીને) જમીનપર પડયું, જે પડતાંને વારજ મેં ઉંચકી લીધું ! આથી તે તો વધારે ચિરડાયો ને મને મારવા દોડયો ને હું જોરમાં દોડવા જતાં પડી ગઇ, તેનો નિચ લાભ લઇને તેણે મને બીજી ઘણુાંજ જોસમાં એક મુક્કી મગજમાં મારી, જેથી એને આંગલેની વિંટી મારા કપાળમાં ચાલી ગઇ અને તે ઝડપથી પાછી કહાડતાં મારા કપાળમાં ઘણોજ મોટો ઘા પડયો છે ! તોબી હું તે ઘડિયાળ-સુધાં પાછી ઉઠી, તેબી મારી પછવાડે દોડયો પણ તેને તો પથ્થરની આંતી આવી તેથી જમીનપર પડી ગયો ને તેનો લાભ લઇ એક ગરીબ પારસીની મદદથી ગાડીમાં બેસીને હું ધાં આવી ! " વિલર ડોસાંએ પોતાની જુબાનીમાં ઘણીક ગાળો પાલીને દીધી હતી અને દરેક વખતે હાંફતાં અને મુગાં બેસી રેહેતાં હતાં, પણ વાંચનારને કંટાળો ન આપતાં સેહેલ એબારતમાં એ નાપાક ડોસાંની જુબાની આપી છે.

મી૦ જૉનસનની મરજીથી અને મૅજીસ્ટ્રેટની પરવાનગીથી વિલરને બે કૉન્સટેબલોએ ઑસ્પીટાલમાં લઇ જવા મરજી બતલાવી. તેણી પણ ઘણી ખુશીથી તેઓ સાથે ગઇ અને તેણી પાસનું ઘડિયાલ કૉર્ટમાં રેહેવા દીધું !

આ જુબાનીથી સોરાબુપરનું પોણું વાદળ ઉડી ગયું અને લોકોની તેના તરફ દયાની લાગણી ફેલાઇ ગઇ અને મૅજીસ્ટ્રેટે બાલીને આવતી સેશનમાં અંગ્નાર કાઉભાઇના ખુની તરીકે નોંધ્યો અને સોરાબને પણ તેની સાથેજ તે દિવસે ઉભો કરવાનું કહી, બપોરની તીફીન માટે કૉર્ટ બરખાસ્ત થઇ અને બધું લોક વિખરાઇ ગયું !

પ્રકરણ વીસમું.

——:o:——

રતનબાઇ અને કાવસ.

આપણે આગળાં પ્રકરણમાં જોઇ ગયા તે મુજબ પેલો 'રસ્તામાંનો પારસી' રતનબાઇની આગળ દોડી આવી, પેલું ઝેરનું પ્યાલું નાખી દઇ શીરીન અને કુમલીનું પાપ પકડી આપ્યું; અને તે પારસીપર નજર પડતાંજ રતનબાઇએ તેને ઉલટભેર બગલગીરી કીધી !

વાંચનારને વધુ વાર ગુચવણ અને વિચારમાં ન રાખતાં મારે જણાવવું જોઇએ કે 'રસ્તામાંનો પારસી' કોઇજ નહીં પણ રતનબાઇનો ખોહવાયલો બેટો કાવસ હતો. તેઓ જેટલાં આ વખતે ખુશી થયાં તેટલાં કોઇપણ વખતે થયાં ન હતાં !

“દિકરા કાવસ ! તું અહીં કેવી રીતે આવી લાગ્યો ?” શીરીનબાઇએ પોતાના દિકરાને પુછ્યું.

“માયજી, હું તમને બધી વાત કહું તેની અગાઉ મને રતનજે બેસુદ્ધ પડીછ તેને નિચે ઓરડામાં મૂકી આવવા દેવો.” કાવસે કહ્યું.

એટલું બોલી કાવસ શીરીનને ઉંચકી તેણીના ઓરડામાં કોચપર સુવાડી આવ્યો અને પોતાનાં માયજીના ઓરડાનું બારણું બંધ કરી વાત કરવા બેઠો.

“માયજી, આજે ચોવીસ વરશની વાતપર જ્યારે મારી જરૂ સાથે તમારા ઘરમાંથી ચાલી ગયો હતો, ત્યારે કાશમીર શેહેરથી થોડેક દુર આવેલા એક મૂલકમાં જઇ વસ્યો, અમે ઘણો વખત સુધી, કહોકે નજદીક ત્રણ ચાર વરશ સુધી સુખમાં રહ્યાં, અને અમારે ત્યાં એક બુચીનો જન્મ

થયો. થોડાક વર્ષ પછી હું મારા કામનેસર કાનપોર ગયો, ને મારી બેટીને મારી બાયડીને સોંપી હું ગયો; મને મારા કામસારૂ નજદીક છ સાત વરશ સુધી થોભવું પડયું અને પછી જ્યારે હું મારે ગામ આવી ઘર આગળ જાઉંછ તો મારા ઘરને તો તાળું મારેલું ને મારી બૈરી કે છોકરી કોઇ નહીં મળે! માયજી, તે વખતે મને એટલું તો લાગી આવ્યું કે હું ફોકેફોક રડયો, પછી તરતજ મેં બારણું ભાંગી નાખ્યું અને અંદર જઇને જોઉંછ તો સઘળા સામાન પર ધુળ ચહેડેલી, ઘર સુમસામ. આંગળ પાછળ નજર કરતાં એક નાની તેબલપર મને એક ચીઠ્ઠી જણાઇ જેપર મારૂં સરનામુ કીધેલું હતું, અને તે કોઇએ ઘેરમાંજ બેસીને લખ્યું હોય તેમ જણાતું હતું. ચીઠ્ઠી મેં ધુજતાં હાથે ઉંચાડી ને જોઉંછ તો અંદર લખેલું કે 'તારી બૈરી જર તો બિચારી તારી જુદાઇમાં મરણ પામીછ અને તારી છોકરીને હું લઇ જાઉંછ અને હું એને મારી છોકરી તરીકે પાળીસ!'"

"તે કોણે લખી તેની કંઇ સહી તો હશેની?" રતનબાઇએ પોતાના દિકરા માટે દયા લાવતાં પુછયું.

"નહીં માયજી! પણ મને એટલો તો સવિચારો છે કે કોઇએ મારી છોકરીને પાળવા અને મોટી કરવા ખાતરજ લીધી છે!" કાવસે લગાર ખુશી થઇ કહ્યું.

"વારૂં પછી તેં શું કીધું?" રતનબાઇએ પુછયું.

"મેં જાહેર ખબરો છપાવી પણ ત્યાંનાં અણઘડ લોકોએ કશો પત્તો મને મેળવી નહીં આપ્યો, ત્યાંથી હું તો નિરાશ થઇને વગર પૈસે રખડતો રઝળતો દીલ્લી ખાતે આવ્યો, જ્યાં એક અંગ્રેજી પેહેડીમાં કલાક તરીકે ત્રીસ રૂપ્યે ચાકરીએ રહ્યો, પણ ત્યાંથી મને નહીં પરવરયું તેથી પાછો ગામેગામ ફરતો, અફડાતો, હિણાતો અહીં બરાબર ચોવીસમે વરશે આવીને ઉભો!" કાવસે પોતાનો હેવાલ ટુકમાં પુરો કીધો.

"બસ બસ દીકરા કાવસ ! તું મને વધારે ના કેહે. મને ઘણુંજ લાગેછ." રતનબાઇએ આંખમાં આંસુ લાવી પોતાના દીકરાને પોતાની, એક માની, માયાળુ ગોદમાં ડાબી સધિયારો આપ્યો.

"વળી માયજી, તમારી આગળબી આવતાં કેટલાં વધણો પડયાંછ. તમારી પેલી કોકટ કુમલી ચાકરડીએ મને હજારો બાહાણુંથી ઉડાવ્યો, અને તેની સાથે આ શીરીન જેવી જુવાન છોકરીએબી દગો રમી મને નહીં આવવા દીધો, તોબી મારાં નસીબમાં તમારાં દિદાર જોવાનું તે તમને ઘણે સારે ટાંકણે આવીને મળ્યો ! માયજી જો તમે આ ઝેર પીધું હોતે તો સહવારે તો હું તમને ફુલગુજાર થયલાં જોતે !" કાવસે રડીને કહ્યું.

"ખરેખર દિકરા કાવસ ! એ બેઉ ચંડાળો પર મને ઘણુંજ ઝનૂન છૂટેછ, મેં એ બેઉની સાથે ભલાઇ કીધી તેનો બદલો મને આવો આપ્યો!" રતનબાઇ ત્યાં પાછાં રડી પડી કાવસને ભેટયાં.

"સહવારને સહવાર કાવસ એ બેઉને થોડાક રૂપ્યા આપી કાહાડી મૂકજે, આપરે નવી દાસી રાખીશું!" રતનબાઇએ ઘણાંજ ગુસ્સાથી કહ્યું.

રતનબાઇ અને કાવસ રાતના મોડેથી વાતચીત કરીને સુતેલાં હોવાથી મોડાં ઉઠયાં, અને નાસ્તોપાણી કરી રહ્યા પછી જે પેહેલું કામ કરવાનું હતું તે એજ કે પેલી લુચ્છી અને દગારી બે કસકુનમોને કાહાડવાં!

તરતજ કાવસ રતનબાઇ પાસેથી કુંચી લઇ નિચે ગયો. પેહેલ વેહેલાં તો તે શીરીનના ઓરડામાં વગર શરમાવે ધસી ગયો, અને જોયછ તો તેણી સઘળો સામાન પેક કરતી હતી. તેણીને એક ટુંક પણ બસરકારક ઠપકો આપી હજારની એક નોટ તેણીના હાથમાં આપી જે વખતે શીરીનની આંખમાંથી પાણી આવ્યાં તોપણ તેણીએ, તે નોટ કબૂલ રાખી અને પોતાના કામપર મંડી !

પછી પેલી કસકુનમ ઓરત કુમલીને શોધવા રાધણીમાં આવ્યો તો તેણી સામીજ મળી, અને જેવી મળી કે તુરતજ ભાષણ ચલાવવા માંડયું.

" ચાલ, એ દદા, હું તને આએ રૂપિયા આપું છ તે લઇને તારે ગમે ત્યાં ચાલી જા, હવેથી મારાં ઘરમાં તારૂં કામ નથી !"

" તે તું કોણ મને કેહેવાવાળો? હું તો મારા બાઇનો હુકમ માનીશ, તારૂં નથી માનવાની !" કુમલી છેકજ ફાટી.

" બસ પતપત ના કર, તને જે આપું છ તે લઇને મુગી મુગી ચાલી જા, નહીં તો એટલામાંથીબી જશે !" કાવસે ગરમ થઇ કહ્યું.

" મુવો, ભૂખે મરતો, તો ને આજે ઘરમાં આવીને શેઠ થયો તેતો જોવો !" કુમલી ગાંડી બની.

" કેમ છેકજ ફાટે છે કે ? જો ઝાઝું કરશે તો હમણાં ઢક્કા મરાવીને બાહાર કહાડીશ, સમજી !" કાવસે ચીરડાઇ જઇને કહ્યું અને પાંચસોની નોટ તેણીના પાપી આંગપર ફેંકી ચાલતો થયો અને જતાં જતાં બોલ્યો કે "ચાલ, અરધા કલાકમાં હ્યાંથી ચાલી જા !"

" તો તો ! મુવો મરતો નહીં કે ?" કુમલીએ જીભલી ચલાવી.

હવે કુમલી તરતજ શીરીનના ઓરડામાં ગઇ અને જોય છે તો તેણી કપડાં પેહેરીને તૈયાર ઉભી હતી અને પેટીમાં કપડાં મુકી તાળાંચાવી લગાવતી હતી.

" માય, કુમલી, એક ગાડી લાવતો, આપરે જઇએ, હુ હમણાં તો મારાં જુના માસ્તર મેહેરબાઇ લવંગિયાને ઘર રેહેવા જાઉં છ. પછીની વાત પછી !" શીરીને ત્રંકને તાળું મારી ઉઠી બોલી.

"પણ તેવણને જણાવ્યા વગર કે ?" કુમલીએ પુછ્યું.

"નહીંરે મેં તેવણને કાગજ લખ્યું'તું તેને પાછો જવાબબી આવ્યો કે બેલાશક આવજો !" શીરીને કહ્યું.

"તેવણ તો કોટમાં રેહેછની ?" કુમલીએ પુછ્યું.

"હા જાની, જેમ બને તેમ જલદી એ લોકોનાં ઘરમાંથી જતાં રહે તો સારૂં !" એવહ્ના શીરીને પોતાના એક વખતના પાળનહાર તરફ ધિક્કાર બતવાવી કહ્યું.

"લેઓ ત્યારે હું જાઉંછ ?" એટલું કહી દોડી, અને પા કલાકમાં એક સીગરામ લાવી સામન ચહડાવી છેલ્લી વખત ખાલી રતનબાઇને મળી આવવાના હેતુથી એઉ ઉપર ગયાં પણ પાછું નિરાશી સાથે આવવું પડયું, કેમકે બારણાં તેઓ સામે સદાનાં બંધ હતાં. આથી શીરીનને ઘણુંજ લાગ્યું તોબી મુગી મુગી ઉતરી ગાડીમાં બેસી કોટ તરફ, એક વખતના પોતાનાજ પણ કરતુકથી ખોહયલા, બંગલાને છેલ્લી સલામ કરી હંકારી ગયાં.

દશ દિવસપછી રતનબાઇ કાવસની મદદથી નીચે પણ આવવા લાગ્યાં અને પછી આસ્તે આસ્તે તેવણ નીચે બાગમાં સાંજ સાંજના ફરવાં લાગ્યાં. આ ફેરફાર પોતાની હાલતમાં એક પખવાડિયાંની અંદર જોઇ ખુદાની પાસે પોતાના દિકરાનાં 'આઇસમાં ઉમેરો કરવા' બંદગી કરતાં હતાં.

"કાવસ, આપરે જાહેરખબરો છપાવીછ તે પ્રમાણે કોઇબી બૈરી આવવી જોઇએ !" રતનબાઇએ ઓરડામાં બેસતાં તાહુકો પુર્યો.

જેને તમે રાખો તે પ્રમાણીક દેખાશે તો તેણીનાજ હાથ તળે તમને સોંપીને મારી ખોવાઇ ગયલી દિકરીની શોધમાં બીલીમોરે અને વલસાડ જઇશ, કેમકે મને ચોક્કસ ખબર મળીછ કે મારી મરનાર બૈરીનો ભાઇ તે ગામમાં રેહેછ !" કાવસે ખુલાસો કીધો.

"હા બરોબર દિકરા તું બરોબર કેહેછ; હવે તને એજ કામ કરવાનું રહ્યુંછ ને ખોદા કરશેતો તેમાં તને ફત્તેહ મળશે." રતનબાઇએ સુધિયારો આપ્યો. થોડાકવાર રહી જમસાએ આવીને ખબર કીધી કે "કોઇ જુવાન છોકરી દાસી તરીકે કામ કરવાને વાસ્તે આવીછ ને તમને મળવા માગેછ. તમે કહેતો અંદર બોલાઉં ?"

"હા જમસા, જા બોલાવી લાવ !" રતનબાઇએ રજા આપી. કાવસ પણુ જતો રહ્યો કે તેણી શરમાયા વગર રતનબાઇની સાથે ખુલ્લાસાથી વાત કુરી શકે. થોડીક મીનીટમાં જમસો પેલી જુવાન છોકરીને રતનબાઇ આગળ લઇ આવ્યો. તે આવનાર છોકરીનો ચેહેરો ઘણોજ ખુબસુરત હતો જેથી રતનબાઇ પેહેલવેહેલાં થોડીક મીનીટવેર તેણીને ટીકતાંજ બેસી રહ્યાં પણુ પાછું તેવણુને યાદ આવવાથી પુછ્યું, "છોકરી તું ચાકરીએ રેહેવા માંગેછ કે ?"

"હા બાંઇ !" તે છોકરીએ કહ્યું.

"બ્હેન, તારૂં નામ શું ?" રતનબાઇએ નરમાસથી પુછ્યું.

"જી મારૂં નામ નવાઝ છે !" નવાઝે પોતાનું મૂબારક નામ તેવણુને જાહેર કીધું. વાંચનારને હવે માલમ પડયું હશે કે આ કોઇજ નહીં પણુ આપણી વાર્તાની નાયકા નવાઝ હતી ! તે બિચારીને છેલ્લે સરવાલે એક ચાકરી પણ કબુલવાની ફરજ પડી હતી અને તેજ હાલતમાં આજે આ-પણે રતનબાઇની આગળ તેણીને ઉભેલી જોઇએ છીએ.

"તું કોણુની છોકરી ?"

"જી હું એદલજી જાફરાબાદવાળા તથા મીસતરીની દિકરી થાઉં. મારાં માયજી આજે બે મહિના થયાં મરી ગયાં અને મારાં ઘરમાં મારા બાવા એકલાજ હોવાથી હું આ ચાકરીને વાસ્તે તમોં બાઇસાહેબની આગળ આવીને અરજ કરૂં છું !" આ બોલતાં નવાઝની આંખમાંથી આસુંઓ તપકતાં હતાં, જેથી તેવણુનું મન પિગળ્યું; વળી તેણીનો ખુબસુરત ચેહેરો એક સારી અને ચાલાક છોકરી તરીકે તેણીને પુર-વાર કરવાનોં પુરતો હોવાથી તરતજ રતબાઇએ તેણીને મહિને પચી-સના પગારે રાખવાની મરજી બતાવી, જેથી તેણી તરતજ પોતાનાં આ નવાં બાઇને પગે પડી, આથી તેણીને માટે રતનબાઇનો વિશ્વાસ વધ્યો. તેણી જવા ઉઠી પણ કંઇ યાદ આવવાના સબબથી બોલીઃ

"તારે હું ક્યારથી આવું બાઇ?"

"કાલથી આવજે માય!" રતનબાઇએ લગાર સભ્યતાથી કહ્યું જેથી નવાઝે મનમાં ધાર્યું કે બાઇ દેખીતાં ભલાં દિસે છે. પછી તેણીએ બારણું ઉઘાડી ઘર તરફનો રસ્તો લીધો.

"કેમ માયજી, પછી પેલી છોકરીને રાખવાનાં કે નહીં?" કાવસે તેણીના ગયા પછી ઓરડામાં આવતાં પુછ્યું.

"હા દિકરા, છોકરી ચાલાક અને ખુબસુરત છે." બીજે દિવસે સવારના પોહોરમાં છ વાગતામાં નવાઝ પોતાની પેટી, પેતારા અને કપડાં સાથે એક બલદના રેંકડામાં આવી; તેણીની આ નવી અને પેહેલી ચાકરી હતી તેથી લગાર શરમાતી અને અચકાતી આવી અને જમસાએ તેણીને કુમલીવાળી ઓરડીમાં સામાન મુકવા મદદ કીધી.

થોડો વખત થયો અને તેણી બાઇની આગળ જઇ ઉભી અને તેની ઉપર કાવસની પેહેલી નજર પડી. તે તો જોતાંજ વારજ અચરત પામી તેણી સામે ટગર ટગર ટીકતોજ ઉભો, પણ આખરે પોતાનો મોભો જાળવવા ખાતર નજર ફેરવી નાખી. નવાઝની સુરત અને તેની મરનાર બૈરી જરના ચેહેરામાં કશોપણ ફરક ન હતો, અને તેથી તે વધારે ગુચવણમાં પડયો પણ ધિરજથી વિચાર કરી તે વિચાર પડતો નાખી અને પોતાને કામે વળગ્યો.

એ પ્રમાણે આપણે નવાઝને આ નવી ચાકરીપર ગયલી જોઇ હવે બીજી તરફ ફરસે.

પ્રકરણ એકવીસમું.

——:o:——

વીલરનો એકરાર—પાલીને સજા.

આપણે ઓગણીસમાં પ્રકરણમાં જોઇ ગયા તે મુજબ વીલર ડોસાંને ઑસપીટલમાં લઇ જવામાં આવી હતી. તેણી ગઇ તેવી બેસુદ્ધ થઇ, પણ થોડાક વખત પછી હુશિયાર થવા પામી, કારણ કે પાલીએ તેણીને ઘણોજ માર માર્યો હતો. તેણી સુદ્ધિમાં આવ્યા પછી ઑસપીટલના ધુંધી ડૉકટરને તેણી બચશે એવી કશી પણ આશ નહીં હોવાથી માજીસ્ટ્રેટમે તેણીની મરતી વખતની જુબાની લેવા માટે તેડું મોકલ્યું, જેને વીલરે નીચલી મતલબની જુબાની અચકતાં અચકતાં આપી:—

"સોરાબ અને કાઉભાઇ પેહેલા મરાયા તેમાં બધો વાક કાઉભાઇનો હતો. તેણે પેહેલાં બિચારા સોરાબની સાથે છેડતી શોધી તેથી બેઉ જણાની મારામારી ઘણી વધી, ને છેલ્લે કાઉભાઇ પોતાના ગજવામાંથી છરી કાહાડી સોરાબને ભોકવા જતો હતો તેવામાં સોરાબે હાથ છટકાવી નાંખી ને છરી ઝુંટવી લઈ ભોકી પણ તે તેના હાથમાં ભોકાઇને લોહી નિકળ્યું, જેથી બિહીને સોરાબ ચાલી ગયો. આ વારે પાલી આવ્યો તેણે કાઉભાઇનાં સુનાનાં ઘડિયાલને વાસ્તે બિચારાને પેલી છરી પડેલી હતી તે ભોકી અને ચાલી ગયો! મને તો એ જોતાંજ ધુજરાં છુતાં ને વેહેલી કે જઇને ઘરમાં ભુરાઇ ગઇ. થોડેવારે પાલી હાંફતો, ધ્રુજતો ને બીહતો આવ્યો જે મેં બધું ચીમઇને જોઇ લીધું હતું.

"પેલું સુનાનું ઘડિયાલ લાવીને એ મુવાએ મારી રાંધણીના એક ખુણાંમાં મુકેલું, તે મારી નજર પડી ને મેં તરતજ ઉંચકી લીધું કે જેથી એનો મિજાજ ગયો ને મારીપર શક લાવી મને ઘણાજ જોરથી મારી!"

આ વીલરની જુબાની હતી. જે દિવસે વિલરે મરતી વેળાની મુખ-જુબાની આપી ત્યારનો પાલી પોલીસે શોધ્યા છતાં મળી શકતો હતો નહીં. એક દિવસે રાત્રે ફીરોઝ ફરતો ફરતો વિલરનાં ઘર આગળ આવ્યો, ત્યારે તેને શક પડયો કે 'કાંય પાલી અંદર નહીં હોય?' આ શક ખરો છે યા ખોટો તે શોધી કહાડવા તે, બારણું જોર કરી ભાંગી નાખી અંદર ગયો. પાલી અંદરજ હતો, તે ફીરોઝને જોતાં વાર અતિસ્ય ઉશ્કેરાઈ તેને મારવા ધસ્યો, કે ફીરોઝ રસ્તા ઉપર આવ્યો. ત્યાં બન્નેને એક સખત મારામારી થઇ. ફીરોઝ જીવ ઉપર આવી લડયો. તે પાલીને પોલીસને સ્વાધીન કરવા માંગતો હતો, પણ બીજી બાજુએથી પાલી જેવો એક પોશાગીર હતો, તે ફીરોઝથી ખાંડયો જાય તો નહીંજ. આખરે પાલી અને ફીરોઝ બન્ને સખત મારની અસરથી બેસુદ્ધ થઇ પડયા.

રાતના બાર વાગતે એક રાહદારી વિલરનાં ઘર આગળથી પસાર થતો હતો તેણે બે માણસને જમીન પર પડેલા જોઇ તરતજ પોલીસ-સ્ટેશન પર દોડી જઇ ખબર કીધી.

તરતજ પોલીસ જમાદાર, અને બીજા બે ત્રણ સિપાઇઓ અને એક કૉન્સટેબલ તે જગો પર આવી પુગ્યા તેઓએ પોતાની સાથે બેડીઓ, ચોર-ફાનસ અને સઘળો સામાન રાખ્યો હતો.

દુરથી ફાનસ ફેરવ્યું તો તેઓએ ફાનસની મદદથી બે સફેદ કપડાં-વાળાઓ દુર પડેલા જોયા. સઘળાઓ પેહેલ વેહેલાં પાલીની આગળ આવી પુગ્યા, અને તેઓ મોટી અચરતી અને ખુશાલી વચ્ચે જોય છે શું કે જે ધણીને પકડવા માટે મોટાં મોટાં ઇનામો છપાયાં હતાં અને જે સત્તાવાળાઓને ઘણી મેહેનત આપતો હતો તે આવી આશાનીથી તેમના હાથમાં આવ્યો

હતો ! આગળ જોઇ બીજાને જોય છે તો તે ફીરોઝ હતો. થોડાક સિપાઇઓ અને જમાદારોએ મળીને પાલીના પાપી હાથોમાં પેલી લોઢાંની બાંગડીઓ પેહેરાવી, એક સિપાઇને તેની આગળ ઉભો રાખીને બધાઓ ફીરોઝની સારવાર કરવા મંડી ગયા !

તેઓએ તેને ઉંચકીને વિલરના ઘરમાં એક કોચ પર સુવાડયો, અને આગળ થોડાક સિપાઇઓને ઉભા રાખી એક ગાડી બોલાવી પાલીને બેડી સુદ્ધાં બેસુધ્ધ હાલતમાં અંદર નાખ્યો, અને પછી તેને ચોકીપર નાખી આવીને, એક જમાદાર સાથે ડૉકતર ડોસાભાઇને બોલાવી ફીરોઝ આગળ લઇ ગયા.

તેઓ ત્યાં ગયા તોપણ ફીરોઝ તો બેસુધ્ધજ હાલતમાં હતો, અને ડૉકતરે તેને સારવાર કરી હુશિયાર કીધો. તેણે ઉઠીને સઘળો ખુલાસો પોલીસને કીધો, અને પાલી સત્તાવાળાઓને હાથે પકડાયો તે સાંભળી ને ઘણોજ ખુશી થયો. ખરૂં પુછાંવા તો બધું માન ફીરોઝને ઘટતું હતું.

બે એક દાહાડામાં પાલી લગાર ટટાર થયો, ને શેશન પણ બેઠી, જ્યાં તેણે પોતાનો વાંક કબુલ કીધો. અને જ્યુરીએ એકમત થઇને તેને "ગીલતી" ઠેરવી જન્મદેશનિકાળની ટેપ મારી અને સોરાબને ઘણાંજ માનથી શકનો લાભ આપી છોડી મુકયો ! તેતો જેવો છુટો કે પાછી પોતાની બેહેનને મળીને સુનાને મળવા કલકત્તે ગયો અને ત્યાંજ જઈ રહ્યો !

ગરીબ બિચારી વિલર, તેણી પણ ઑસપીટલમાં રીબારીબીને મરણ પામી ! એ પ્રમાણે બુરાં પોતાનેજ પાપે મુવાં.

પ્રકરણ બાવીસમું.

——:o:——

સઉ સારૂં જેનું સેવટ સારૂં.

"*All is well ended*." Shakespeare.

ફીરોઝ એક દહાડે નવાઝની યાદમાં બેઠો હતો, ત્યારે તેના હાથમાં એક ચાકરે આવીને પોષ્ટમાં આવેલું એક કાગજ મુકયું. ફેરવી જોતાં ખુણામાં મારેલા પોષ્ટના છાપ પરથી જોયું તો કાગજ તો મદ્રાસથી આવેલું હતું. 'મદ્રાસમાં મારૂં કોણ ઓળખીતું છે?' એ પ્રમાણે તેણે પોતાનાં મનને સવાલ પૂછયો તોપણ વિચાર કરી ઉખેડયું! તે કાગજ નિચે પ્રમાણે હતું:

"વાહલા શેઠ પીરોશાહ,

માફ કરજો સાહેબ કેમકે તમને અઘટીત તસ્દી આપવી પડેછ, પણ જ્યારે તમો અમારાં કુટુંબમાં સઘળી ભલાઇઓ કીધીછ, ત્યારે હું તમને જે કામ સોંપુ છું તે પણ પાર ઉતારી મારી દિકરી નવાઝના સુખમાં વધારો કરશો, એવું હું વિચારૂંછ.

ખેતવાડી મધે બાઇ રતનબાઇ ખેતવાડીવાળાના દિકરા કાવસજી જેવણ હાલમાં મુંબઇ આવેલા છે, તેવણને હું તમારાં કાગજમાં ચીઠી બીડી છે તે મેહેરબાની કરીને આપજોજી. કેમકે નવાઝ તેવણની દિકરી થાયછ, ને નહીં કે મારી! હું તો તેણીનો મામો થાઉં!

જ્યારે તેણીનાં માય ને મારાં બેહેન જરબાઇ, કાશમીરમાં મરણ પામ્યાં ત્યારે મેં નવાઝને લાવીને મારી દિકરી તરીકે ઉધારી, અને તેણીએ પણ મને એક બાપ તરીકેજ આજ લગણ માન આપ્યુંછ. વાસ્તે એટલો ખુ-

ખુલાસો કરવાને અને તમારાં કાગજમાં બિડેલું કાગજ કાવસજીને આપવાને ચુકશો નહીં એવી મારી અરજ છે.

મારો દીકરો નિર્દોષ થયો તે જાણી હું ઘણોજ ખુશી છઉં.

તમોએ મારાં કુટુંબ માટે જે મ્હેનત લીધી છે તેના બદલો તો મારાથી આપી શકાય એમ છેજ નહીં, તોપણ મારાં ખરા અંતઃકરણની દુવા દઉં છું, તે આમીન થજો!

લા૦ દુવાગીર સેવક,

એદલજી હોરમજી મીસતરી

ની દુવા વાંચજોજી.

ફીરોઝ આ કાગજ વાંચી ઘણોજ અચરત થયો અને તે કાગજ ફરી ફરી પાંચ સાત વાર વાંચ્યું, અને જ્યારે પોતાનાં મનની મુરાદ નવાઝને એક મોટા ખાનદાનની દિકરી તરીકે પિછાણી ત્યારે તેની ખુશાલીનો કાંઇજ પાર રહ્યો નહીં! તરતજ કપડાં પેહેરી રતનબાઇને ઘર આ ખુશ ખબર કેહેવા તેમજ નવાઝને પોતાનાં મનનો ખુલાસો કેહેવા ઉઠયો! આ વખતે અમલ પાંચનો થયો હતો, માટે ગાડી જોતરાવી ખેતવાડી તરફ હંકારવા કહી બેઠો.

થોડેવારે રતનબાઇના બંગલાની નજીક ગાડી આવી પુગી અને પોતે બારણું ઉઘાડી અંદરથી બાહાર ઉતર્યો અને બંગલાનો મોટો કમપાઉન્ડ, જે હાલમાં ફુલપાન અને કુંડાથી ભરપૂર હતો, તેમાંથી પસાર થતો ઓટલા ગમ આવી પુગ્યો. ત્યાં એક ઝાડનાં આરકાંની નિચે બાજતપર એક ખુબસુરત જવાન અબલા પોતાના સુંદર હલકે ધીમે ધીમે ગીત ગાતી કંઈ ગુંથતી હતી. તે અબલા કોઇજ નહીં પણ ભોલી ભલી નવાઝ હતી!

ફીરોઝ તેણીને જોતાંને વારજ ખુશીથી ચમક્યો, અને આ વખતે તેના પ્યારનો આતશ એટલો તો જોરમાં સળગ્યો કે તેણીને જોતાંને વારજ

કોઇની પણ ફિકર યા ચિંતા વગર પ્યારભરી મમતાથી એકાએક તે ખૂબ-સુરત નાજનીનના ગોલાબી રૂખસાર પર એક પહેલી ચુમી લીધી.

"નવાઝ! નવાઝ! હું તને ચાહુંછ! તને હું મારાં ખરાં જીગરથી ચાહુંછ!" ફીરોઝને એકદમ આવી પોતાને પ્યારભરી ચુમી લેતો જોઇ નવાઝના ગોલાબી ગાળ પર એટલો તો શરમનો રતાશ ચહડયો કે તેણી ફીરોઝની નજીક શરમાતી ઉભી જેથી ફીરોઝને ઓરૂં ખુશાલી ઉપજી. તેણીને પણ અંદરખાનેથી ખુશાલી લાગતી હતી પણ સભ્યતાને ખાતર તેણી પોતાનો પ્યાર બાહાર પ્રગટ કરી દેખાડતી ન હતી.

બીજી પરચુરણ પ્યાર ભરી વાત કરી ફીરોઝે તેણીને પેલું કાગજ જે તેને સાંજનાજ મળ્યું હતું તે વંચાવ્યું જેથી તેણી એટલી અચરત થઇ કે તેનું બ્યાન કરવાને આ અદના કલમમાં મુદ્દલ જોર નથી!

"ત્યારે શું હું મારા શેઠ કાવસજીની હકદાર છોકરી?" નવાઝે ખુશી થઇ પુછ્યું.

"હા નવાઝ; પણ મારી વાહાલી નવાઝ, તું મને ચાહેછ કે નહીં તે તો કેહે?" ફીરોઝે તેણીના ગાળો મમતાથી પસવારતાં પુછયું અને તે-ણી ઘણે વારે શરમાઇને જ્યારે ફીરોઝે તેણીને ઘણાક સવાલો પુછ્યા ત્યારે બોલી કે, "ફીરોઝ! તમારા જેવા એક ભલા ને લાયકીવાળા નરને મારા સરતાજ તરીકે ગણવામાં હું મગરૂર થઇશ." એટલું બોલી નવાઝ શરમાઈ જઇ ફીરોઝના દગલાનાં બટન સાથે રમવા લાગી.

"વારૂં નવાઝ, તારા બાવા ને બપઇ ઘરમાંજ છે કે?" ફીરોઝે બીજી બધી વાતો કરી રહ્યા પછી પુછ્યું.

"નહીં એ લોકો તો બાહાર ફરવા ગયાંછ તે છેક રાતે આવશે!" નવાઝે કહ્યું. પછી બીજી વાતચીત કરી ફીરોઝ તેણીને એક પ્રિતભરી બોસી લઇ બીજે દીને મળવા આવવાં કહી પોતાને બંગલે ગયો.

નવાઝ તેમજ ફીરોઝને મનસે એક આખી રાત એક વર્ષનાં જેવી લાગી, અને તે રાત જેમતેમ કરી પોત પોતાને ઘર ગુજારવાબાદ ફીરોઝ બરાબર નવ વાગતે નાહી, ધોઇ, સફા કપડાં પેહેરી, બે ઘોડાની ચાર્ટમાં રતનબાઇનાં બંગલે આવ્યો અને પેલી ચીઠ્ઠી કાવસને આપીને ઉભો !

કાવસ તો આ ચીઠ્ઠી વાંચીને ખુશાલીથી ગોયા દિવાનો બની ગયો અને એક દિવાના માણસની માફક પોતાની માને આ ખુશ ખબર પોહોંચાડવા ઉપર ગયો. પેહેલ વેહેલાં તો તેનાથી મુદ્દલ વાત થઇજ નહીં પણ બેઅખત્યાર હસવાજ લાગ્યો: પણ પછી સઘળો ખુલાસો કીધો અને નવાઝને બોલાવી, મળી ભેટી સર્વેએ પોતપોતાનો ભરમ ખોલ્યો જે વખતનો દરેકનો ખુશાલી ભરેલો ચેહેરો ચિતારાની પિંછીને શોભા આપે એવો હતો.

“ માફ કરજો, પીરોશાહ શેઠ; તમો જેવા એક શેઠીયાને ઘણી તસ્દી પડી છે !” કાવસે ફીરોઝ પાસે માફી ચાહી.

“ અરે કંઇ નહીંરે મારા મેહેરબાન, એમાં શું છે ? એતો તમારી લાયકી બોલેછ સાહેબ !” ફીરોઝે નવાઝ તરફ જોઇ હસીને કહ્યું. અને પછી ખાઇપી બપોરના બે વાગતે ફીરોઝ પોતાને ઘર ગયો. તેનું મન હવે નવાઝના બાપ કાવસ આગલ પોતાનો પ્યાર ખુલ્લો કરવાનું હતું, અને તેપણ તેણે કીધું ! એક વખત ફીરોઝે વાત પરથી વાત કરતાં કહ્યું, “ માફ કરજો, કાવસશાહ શેઠ, જો હું કંઇ બેઅદબી કરતો હોઉંતો; પણ મારે તમને જણાવવું જોઇએ કે હું તમારી આ ખુબસુરત એકપુરી દિકરી નવાઝ સાથે અસલથી પ્યારમાં હતો, અને તેથી તમારી આગળ હું અમારા નેકાની માંગણી કરૂંછ !” ફીરોઝને ઉપલું બોલતાં પોતાના મોહોડાં પર રતાસ ચહડી આવ્યો, અને નવાઝને પણ લગાર શરમાવા જેવીજ બાબદ હતી.

“હા મારે ક્યાં ના છે ? ” કાવસે પોતાની મરજી બતલાવી કેમકે તેની મરજી ફીરોઝ સાથેજ નવાઝને પરણાવવાની હતી.

બીજી બાજુપર શીરીન જ્યારની આ બંગલામાંથી ગઇ હતી ત્યારથી મંચેરજી વકીલના દિકરા વિકાજી સાથે પ્યારમાં હતી અને તેણી પણ મંચેરજીની મરજીથી વિકાજી સાથે પરણવાની હતી.

એ વાત જ્યારે રતંનબાઇ અને કાવસને ખબર પડી ત્યારે તેઓએ શીરીનનાં લગ્ન પણ નવાઝનાં લગ્નને દાહાડેજ કરવાનો ઠરાવ કીધો અને મંચેરજી વકીલની ત્રણે છોકરીઓ આ નધારેલા નવાઝના ફેરફારથી અદેખાઇ કરવાને બદલે ખુશી થઇ અને સારો દાહાડો જોઇ આ ચારે જણીઓની શાદી મોટી ધામધુમથી અને વાજતે ગાજતે આલબ્લેસ બાગમાં થઇ. જ્યારે નવાઝના મામા એદલજી પણ છેક મદ્રાસથી આ સુખી લગ્નમાં ભાગ લેવાને આવ્યા હતા! સોરાબ તો સુનાની સાથે પરણ્યું, કલકત્તાથી મુંબઇ આવવા માંગતો ન હોવાથી નવાઝના પરણવાના દિવસેજ નવાઝને તેમજ ફીરોઝને મૂબારકબાદીનો 'ટેલીગ્રામ' મોકલ્યો અને એ પ્રમાણે **નવાઝ** એક ખરાજ ભાગ્યશાલી અને ભલા નર શેઠ ફીરોઝશાહ મેહેલ્લાશાહ ખાનબાહાદુર સાથે પરણી સુખી થઇ અને શીરીન પણ વિકાજી સાથે પરણી સુખી થઇ !

હાલમાં ફીરોઝને ઘર બે ગોલાબ સરીખા બેટા અને એક નાની બેટી તેનું ઘર મુસ્તી તોફાન અને ગીત રંગ ગાઇ ગજાવી મેજે છે અને આપણી વાર્તામાં સુખ દુઃખમાં મૂખ્ય ભાગ લેનારી નવાઝ પોતાનાં નાંના બચ્ચાં અને ધણી સાથે સુખી દિવસ ગુજારે છે અને તે કાયમ રહો! આમીન!! *

---

* આ વાર્તા મરહુમ શેઠ જેહાંગીર બી. કરાણીની ડૅસ્કમાંથી મળી છે. એના લખનાર "હલકારૂ"નું ઉપનામ ધરાવનાર ગ્રહસ્થ છે.

પ્રગટકર્તા.